ખાસ રાખવા લાયક
જૈન બન્ધુઓને અતિ ઉપયોગી.

શ્રી

જૈન ભક્તિદર્શક સ્તવનાવળી

અને

આત્મહિત શિક્ષા મંજરી.

ભાગ પહેલો.

શ્રીમદ્ મુની હિતવિજયજી મ. ને ગઢડા જૈન જ્ઞાનોદય લાયબ્રેરીની અનુમતિથી-કર્તા.

હેમચંદ દામજી ભવાન શેઠ.

મહુવાળી કુંડલા. હાલ-ગઢડા.

ઈ. સ. ૧૯૦૧. સંવત ૧૯૫૭.

કિમ્મત રૂ. ૦-૪-૦ ટપાલ ખર્ચ માફ.

ખાસ રાખવા લાયક
જૈન બન્ધુઓને અતિ ઉપયોગી.

શ્રી

જૈન ભક્તિદર્શક સ્તવનાવલી,

અને

આત્મહિત શિક્ષા મંજરી.

ભાગ-પહેલો.

શ્રીમદ્ મુની હિતવિજયજી અને ગઢડા જૈન જ્ઞાનોદય
લાયબ્રેરીની અનુમતિથી-કર્તા.
દેવચંદ દામજી લવજી શેઠ.
મૂળવાશી-કુંડલા. હાલ-ગઢડા.

અમદાવાદમાં.
"રાજનગર પ્રિન્ટીંગ પ્રેસ" માં છાપી.
ઈ. સ. ૧૯૦૧. સંવત ૧૯૫૭
કિમ્મત રૂ. ૦-૪-૦ ટપાલ ખર્ચ માફ.

શ્રી જિનેંદ્રાય નમઃ

મંગળા ચરણ.

શાર્દૂલવિક્રીડિત છંદ.

વંદુ શ્રી જિનરાય પાય પ્રિતથી, દેવાધિ દેવો હરી,
ટાળો આધિ ઉપાધિ દુઃખ સરવે, છે કાય વ્યાધિ ભરી;
માગું સહાય તમો તણી કરગરી, તારો ભવાબ્ધિ વિષે,
વાધો કીર્તિ મહાગુણી જિનતણી, ભક્તિ વધો ચોદિશે.

કુંડળીયો.

પ્રથમ પ્રયાસે આજ મેં, ધર્યું હાથ આ કામ,
નિર્વિઘ્ને પૂરૂં થવા, સરસ્વતિ ઘો હામ;
સરસ્વતિ ઘો હામ, થવા લઘુ પુસ્તક સિદ્ધિ,
નથી પીંગળની ગંમ, નથી વ્યાકરણનો વિધિ;
ફક્ત ભાવ આવેશ, નિરસ કવીતા અનુપ્રાસે,
વિદ્વજ્જન કરી માફ, વાંચશે પ્રથમ પ્રયાસે.

અર્પણપત્રિકા.

માનવંતા નરરત્ન શેઠજી સાહેબ
મનસુખભાઇ ભગુભાઇ
મુ. અમદાવાદ.

વિજ્ઞપ્તિ કે—આપ ધર્માત્મા, વિવેકયુક્ત, જ્ઞાનગંભીર, નીતિવાન અને પરમાર્થી છો.

જૈનધર્મ, અને જૈન કોમના હિતના કોઇપણ પ્રકારના કામમાં, આગેવાન રૂપે મશહૂર છો. દયા એજ આપનો સાથી છે. આપે અનેક પરમાર્થી કામોમાં, દેરાસરોમાં, અને દુષ્કાળ વખતે મદદમાં, પૈસા પાણીને મૂલ્યે ખરચતાં પાછી પાની કરી નથી. અહીંના દેરાસરને પણ કિમતી મદદ આપી, ઉત્તમ દાખલો બેસાડેલો છે. આવી રીતે તન મન અને ધનથી ધર્મસ્થંભરૂપ નામાંકિત થએલું આપનું અમરનામ આ ગ્રંથ સાથે જોડવા મારૂં અંતઃકરણ આકર્ષાતાં આ લઘુ પણ અમૂલ્ય પુસ્તક આપ સાહેબને અર્પણ કરૂં છું તો સ્વિકારવા કૃપાવંત થશોજી.

લી. હું છું આપનો
ચરણરજ શિશુ કિંકર
કર્તા

દેવચંદ દામજી લવજી શેઠ.

દોહાંતર કવિત.

પજી ને કહું સજોડે, જીવીને ઉગારો જીવ,
દાન દઈ ગુપ્ત બચ્યા, વો અભાગી પ્રાણીને;
ઉમંગે ફરી ×ક્ષેત્રોમાં [1]રજ જિયો મહાડી ભાવે,
મંદિરો સર્વત્ર કર્યાં, [2]રેણ દિન *નાણીને;
નરોને પશુની પીડા, વદલી સુખીયાં કીધાં,
કૃપા નિરાધાર પર ।ચાડ દુઃખ જાણીને;
×રૈ છપને વાવર્યું તેં, વકીલ આ મનસુખ,
પળે પળ અણહદ, દયા બાણ તાણીને.

દોહરો.

જીન મંદિરો પાછળે, સપ્ત ક્ષેત્ર નીરવાણ,
જીવો જરે બચાવયા, ઊગી મનસુખ ભાણ.

સવૈયા.

×[1]ભૂ [1]અવનિ [9]ખંડ તાપ નિવારણ
શાંતિ [1]સુધાભર રૂપ સુહાયો,
+પર્વણી પરમ દિન એકાદશી
પુન્યનો પંથ અતિ ઉભરાયો;
તે દિન તું મહા ધર્મી સુકર્મી
ક્ષિતિપર ધર્મનો સ્થંભ ધરાયો,
હા! દળવા દુઃખ દીન તણાં
મનસુખ કળાનિધિ કન્થ ઠરાયો.

×ક્ષેત્ર=તિર્થસ્થળ. ૧ માથાદીઠ વેરો. ૨ રાત્રી. * તપાસ કરીને. ।ચીવટથી. ×રૈ=પૈસો (લક્ષ્મી). ×જન્મ ૧૯૧૧ +શ્રાવણ શુદ ૧૧ એ એકાદશીનું મોટું પર્વ છે તે જન્મ તિથિ છે.

પ્રસ્તાવના.

આજકાલ દિવસાનુદિવસ, આધુનિક પ્રજાનો શોખ નાટકના ગાયનો તરફ વધતો જાય છે, તેથી તેમાં મસ્ત બની પોતાનું નિત્યકર્મ ન ચૂકે, એવા ઈરાદાથી, હાલ વિદ્વાન જૈન બન્ધુઓ તરફથી, વિવિધ રાગોમાં સ્તવનો સ્થાઈ, જિનેશ્વરની સ્તુતિ, અને ભાવનામાં, તેમને મગ્ન રાખવા, પુસ્તકો પ્રસિદ્ધ થતાં જાય છે.

શાસ્ત્રમાં જિનેશ્વરના ગુણનું સ્તવન કરવાથી, અનંત ફળનો લાભ દર્શાવેલો છે, તો ધર્મ બંન્ધુઓ, નાટક તરફ ન દોડતાં, ધર્મમાં લીન રહે; એવા હેતુથી, પ્રસિદ્ધ થતા સ્તવન સમુહરૂપી સાગરમાં, એક બિંદુ ઉમેરવાને, મને હર્ષ થાય છે.

સ્તવનો શિવાય-દર્શન, ચૈતવંદન, ગુરૂવંદન, વગેરે વિધિની જરૂર સમજી, તથા તિર્થંકરના સબંધમાં, કોઠો અપ્રસિદ્ધ સમજી, દાખલ કરેલ છે. આ શિવાય પણ ઘણી બાબતો, ગદ્ય, તથા પદ્યમાં, દર્શાવેલ છે. તો એક વખત અથથી ઇતિ સુધી, વાંચવા નમ્ર અરજ છે.

મારા અહીં આવ્યા પછી, જુદા જુદા સ્તવનો દ્રષ્ટિ ગોચર થતાં, મને પણ વગરજ્ઞાને સ્વસ્તવનોથી ભાવના ભાવવા ઇચ્છા થઇ, અને તે જિજ્ઞાશા તૃપ્ત કરી, થોડથી સંતોષ માન્યો. પરંતુ પ્રસંગોપાત કેટલાએક જૈનબન્ધુઓ અહીં પધારતાં, આ સ્તવનો સાંભળી તેમણે સંતોષ બતાવ્યો, તેમજ કેટલાએક તરફથી તેમની માગણી પણ થઇ; તેવામાં ગયા ચાતુર્માસમાં મુનીમહારાજ શ્રી૭ ધર્મવિજય-

જીના શિષ્ય, મુની હિતવિજયજી અત્રે હોવાથી, તેમની સુચનાથી આ પુસ્તક પ્રસિદ્ધિમાં લાવવા બન્યું છે. સુરપાત આદિ પણ જેની સ્તુતિ કરવા અશક્ત તેવા સર્વજ્ઞ અરિહંતની સ્તુતિ કરવા મારી શક્તિ શું ?

સહરહુ પુસ્તકના છૂટા ભાગો તપાસવાની, મુની મહારાજ શ્રીજી વિરવિજયજી, તથા ધર્મવિજયજી, તથા દાનવિજયજી, અને મોહનવિજયજી, આદિએ જે મહેરબાની કરી છે, તે માટે તેમનો દાસાનુંદાસ સદા આભારી છે.

પુસ્તકને જેમ બને તેમ સુંદર અને ચઢતે દરજ્જે લાવવામાં મારા પરમપૂજ્ય પિતાશ્રીએ, તેમજ પ્રુફ તપાસવામાં મેં. ડૉકટર સા. મણીલાલ મોહનલાલ ઝવેરીએ મદદ દઈ શુભેચ્છકપણું દર્શાવ્યું છે.

આ શિવાય, મારા સ્નેહીઓ તરફથી મળેલી મદદ માટે તેમનો ઉપકાર માનું છું.

મેં પુસ્તક રચેલ નથી, તેમજ અનુભવ નથી; પરંતુ ફક્ત ભાવના આવેશથી, આ લઘુ પુસ્તક તૈયાર કર્યું છે. તો સત્વગ્રહી, કાંઈ ધર્મ ઉત્તેજન થશે, તો મારી મહેનતની સાર્થકતા સમજીશ. વિદ્વાન બન્ધુઓ–સાધુ, સાધવી, શ્રાવક અને શ્રાવીકાને વિનતિ કે; ભૂલને માટે દરગુજર કરી મને લખવા તસ્દી લેવી, કે જેથી અન્ય પ્રસંગે સુધારો થઈ શકે. એક ફૉર્મ વધવા છતાં કિમ્મત તેજ રાખી છે; કેમકે જૈન બન્ધુઓ જથાબંધ ઇનામ માટે ખરિદે. વધારો શુભ માર્ગે છે. તો એક પંથે અનેક કાજ સમજી ખરીદો.

કર્તા.

શ્રી

જૈન ભકિત-દર્શક સ્તવનાવલી,

અને

આત્મહિત શિક્ષા મંજરી.

ભાગ પહેલો.

જિનેંદ્ર સ્તુતિ.

राग द्वेष विजेतारं, ज्ञातारं विश्व वस्तुनः ।
शक्र पूज्यं गिरामीशं, तीर्थेशं स्मृति मानये ॥
अद्य प्रक्षालितं गात्रं, नेत्रंच विमली कृते ।
मुक्तोहं सर्व पापेभ्यः जिनेंद्र तव दर्शनात् ॥
पन्नगेच सुरेंद्रेच, कौशिके पाद संस्पृशि ।
निर्विशेष मनस्काय, श्री वीर स्वामिने नमः ॥
कल्याण पाद पारामं, श्रुत गंगा हिमाचलं ।
विश्वांभोज रविंदेवं, वंदे श्री ज्ञात नंदनं ॥
दर्शनाद् दुरितं ध्वंसी, वंदनात् वांछितफलं ।
पूजनात् पूरकः श्रीणाम, जिन साक्षात् सुरद्रुमः ॥
दर्शनेन जिनेंद्राणाम्, साधूनां वंदने नच ।
नतिष्ठति चिरंपापं छिद्र हस्त यथोदकं ॥

અથ ચૈતવંદન.

ૐ નમો વિશ્વનાથાય, જન્મતો બ્રહ્મચારિણે
કર્મવલ્લી વનચ્છેદ, નમયે ઽરિષ્ટ નેમયે. ૧
યદુવંશ સમુદ્રેંદુ, કર્મ કક્ષ હુતાશનઃ
અરિષ્ટ નેમિ ર્ભગવાન્, ભૂયાદ્દો ઽરિષ્ટનાશનઃ ૨
અનંત પરમાનંદ, પૂર્ણ ધામ વ્યવસ્થિતઃ
ભવંતં ભવતા સાક્ષી, પશ્યતીહ જિનો ખિલ. ૩
સ્તુવંત સ્તાવક બિંબ, મન્યથા કથમી દૃશં.
પ્રમોદાતિશય ક્ષિતે, જાયતે ભુવના તિગ. ૪

અથ થોયો.

જય જય ભવિ હિતકર, વીર જિણેશ્વર દેવ,
સુરનરના નાયક, જેહની સારે સેવ;
કરૂણા રસ કંદો, વંદો આણંદ આણી,
ત્રીસલા સુત સુંદર, ગુણ મણિ કેરો ખાણી. ૧
જસ પંચ કલાણક, દિવસ વિશેષ સુહાવે,
પણ થાવર નારક, તેહને પણ સુખ થાવે;
તે [1]ચવન [2]જન્મ [3]વ્રત, [4]નાણ અને [5]નિર્વાણ,
સવિ જિનવર કેરાં, એ પાંચે અહિઠાણું. ૨
જિહાં પંચ સમિતિયુત, પંચ મહાવ્રત સાર,
જેહમાં પરકાશ્યા, વળી પાંચે વ્યવહાર;
[1]પરમેષ્ટિ [2]અરિહંત, [3]નાથ [4]સર્વજ્ઞને [5]પારગ,
એ પંચપદે લહ્યા, આગમ અર્થ ઉદાર. ૩
મનીંગ સિદ્ધાઇ, દેવી જિનપર સેવી,

દુઃખ દુરિત ઉપદ્રવ, જેટાળે નિત્ત મેવી;
શાસન સુખદાઈ, આઇ સુણો અરદાસ,
શ્રી જ્ઞાન વિમળ ગુણ, પૂરો વંછિત આસ ૪

સ્તવન ચોવીસી

(૧) આદિનાથનું સ્તવન.

મંડપ રચ્યો આજ—એ રાહ.

કરૂં વિનતી ઋષભરાય, નમી આદિ પ્રભુ પાય.
નંદિશ્વર તિરથ વંદો, પુંડરીક વશ્યા જિન ચંદો.
ત્રોડી અંતર પટ ગંદો, ભવી ભેટત ભવ દુખ ફંદો;
સુણી ધર્મ શબ્દ પડછંદો, નમી કાપો કામ કષાય. નમી.૧
કહી નમો જંબુ કે મેરૂ, આબૂજી ઉપર દહેરૂં,
અષ્ટાપદ સમત શિખેરૂ, ગીરનાર ગઢા ભોંયેરૂં,
તારીંગા કે અનેરૂં, પણ શત્રુંજય ગિરિરાય. નમી. ૨
એ શ્રેષ્ટ તિર્થના રાયા, છો મારૂ માના જાયા,
કંચન સમ તારી કાયા, નમી દીન દેવે ગુણ ગાયા,
પ્રણમીને આપના પાયા, નમે ગઢડા બાળ પાય. નમી.૩
તું જ્ઞાન ગુણનો દરિયો, હું મોહની મદથી ભરીયો,
સુકામે લોભ આદરીયો, આ પાપી તાર તું તરીયો,
છે મોક્ષ માર્ગ આચરીયો, કર તેમાં દાદા સ્હાય. નમી. ૪

(૨) અજીતનાથનું સ્તવન.

રાગ-કનરો.

અજીત જિનંદા છો સુખ કંદા, નયરી અયોધ્યાના વાસી
સુણીંએ અજીત૦

શત્રુજીત રાજન ઘર મંગળીક,
ઉદય થયો [1]વીરોચન [2]ચંદા. અજીત૦ ૧
ગજ લચ્છન તુમ માય પ્રકાશે,
મંગળ મય શુભ કાય જિણંદા. અજીત૦ ૨
પ્રથમ સંજમથી તૃતય ફીરાફેર,
મોક્ષ વર્યા વિજયા માના નંદા. અજીત૦ ૩
આપ વચન છે [3]જ્ઞેય સુજ્ઞપ્તિ,
શાસ્ત્ર સદા મને બતાવે [4]અદા. અજીત૦ ૪
નિત્ય તુમ આગળ ઇચ્છું [5]ઈનાફત,
ચઉડા બાળોને છોડાવો ફંદા. અજીત૦ ૫

(૩) સંભવનાથનું સ્તવન.

રાગ–આશાગોડી.

નિત્ત નિત્ત સંભવ ભજીએ, તજી માયા, નિત્ત૦
પૂર્વ કરમથી પામ્યો રતન હું,
નાથ હવે નહિ તજીએ. તજી માયા નિત્ત૦ ૧
પિતા જીતારી રાજનો વૈભવ,
છોડયો જિનવરજીએ. તજી માયા નિત્ત૦ ૨
સહસ્ર સાધુના શુભ પરિવારે,
સંજમ ધરનાર [6]યજીએ. તજી માયા૦ ૩
ભાવ ધરી નવ નવ જિન અંગે,
આંગી અનુપમ સજીએ. તજી માયા૦ ૪
ઇચ્છે સેવન દુર્ગપુરી નિત્ત,

---

૧ સૂર્ય. ૨ સ્વરૂપવાન. ૩ જાણવા જોગ સુબુદ્ધિ, ૪ ફરજ, ૫ ઇનામ, ૬ પૂજીએ.

થાકી સંસારી કર્જીએ. તજી માયા૦ ૫

(૪) અભીનંદન સ્વામીનું સ્તવન.

લાવણી-સુણો નેમી પ્રભુ જીનરાજ. એ રાહ.

દેવેંદ્ર જીનેશ્વર રાય ખલકના સ્વામી,
વંન્દુ હું નિત્યે પાય આપ અભિરામી;
ચંદન કેસરથી કરૂં આપની સેવા,
[1]દનુજ નમે તને સ્વર્ગ સુખડાં લેવા.
[2]દામણી સમી તુજ કાય શુદ્ધ સ્વરૂપે,
[3]મઘવા ચોસઠ પ્રભુ જન્મ આવ્યા ઘર [4]ભૂપે;
જિનરાજ અભીનંદન મોક્ષના ગામી,
ગગને ગમની સૌ દેવ ખલકના સ્વામી.
[5]દળકીને સમરૂં નાથ સિધારથ જાયા,
દાબા જમણા દસ દિશ આપ જિનરાયા;
નમે અહડા બાળો ચર્ણ આપ શિર નામી,
દેવેંદ્ર જિનેશ્વર રાય ખલકાના સ્વામી.

(૫) સુમતિનાથનું સ્તવન.

રાગ--ઠુમરી.

બલાજી પ્યારા સુમતિ સમર લીયોરે, ક્ષણે ક્ષણ ભાવમેં
પ્યારા સુમતિ સમર લીયોરે.
ભાવબાજીમાં ભાન ભુલીને, બલાજી નવી સુમતિ વીસર
ગયોરે, ક્ષણેક્ષણ ભાવમેં, પ્યારા૦ ૧

---

૧ દૈત. ૨ વીજળી. ૩ ઇંદ્રો. ૪ રાજાને. ૫ નમીને.

મંગળા માતા કૂખ દિપાવી, ભલાજી સુમતિ સુમતિ દીયોરે. ક્ષણ૦ ૨

નિત્યે દરશન પ્રિતે પામું, ભલાજી મને તોપણ મોહ રીયોરે. ક્ષણ૦ ૩

અંત સમે પ્રભુ તું મુક્તિનો, ભલાજી મને પંથ બતાઇ દીયોરે. ક્ષણ૦ ૪

જગત નિયંતા તારણહાર, ભલાજી મારા ફેરા ટાળી દીયોરે. ક્ષણ૦ ૫

---

(૬) પદ્મ પ્રભુનું સ્તવન.

રાગ દક્ષિણી લાવણી.

જિનંદ ચંદ રાય, ચરણ લ્યો ઉગારીરે.
પદ્મરાય, કમળ પાય, રક્ત કાય, શુભ પસાય,
વિશ્વ છે વિકારીરે. જિનંદ ચંદ રાય. ૧
દેખાડો પ્રભુ, સ્વર્ગ તણી બારીરે,
જગત માય, છે કશાય, દુખદ ખાય, નહિ છેડાય,
થશે શું ગતિ મારીરે. જિનંદ ચંદ રાય. ૨
પામું ક્યારા પાર, જો ઉગારો તારીરે,
સુશીલ માત, શ્રીધર તાત, ક્ષત્રી જ્ઞાત, સુ સંગાત,
સર્વ સુખ વિસારીરે. જિનંદ ચંદ રાય. ૩
ભ્રમાણુ બાથને, કેમ રહ્યુ વીસારીરે,
જિનંદ પાસ, દેવદાસ, ભક્તિ ભાસ, થી ઉલ્હાસ,
નમે દુર્ગદ્વારીરે. જિનંદ ચંદ રાય૦ ૪

(૭) સુપાર્શ્વનાથનું સ્તવન.

આદિતે અરિહંત અમ ઘેર આવોરે. એ રાહ.

પ્રભુ-પ્યારા સુપાર્શ્વ જિણંદ, દરશન કરવારે;
દેવેંદ્ર સુરીનર ધાય, ભવ દુઃખ હરવારે.
પ્રભુ પૃથ્વી માતાના નંદ, કંચન વરણીરે;
વશી વરાણશી સુખ કંદ, કરી સુ કરણીરે.
પ્રભુ સંજમ ત્રયદશી શુદ્ધ, જેઠ દિપાવીરે;
ચંદા સમ શીતળ કાય, તપથી ખપાવીરે.
પ્રભુ-(નો) બોધ જો નિર્મળ ચિત્ત, નિત્ય આદરશોરે;
દરશન કરી શુભ ભાવ, ભવજળ તરશોરે.
પ્રભુ-છાંડયા અઢારે દોષ, ધન્ય મોરારીરે;
નેમ ગઢડા બાળો નિત્ય, નાથ લો તારીરે.

(૮) ચંદ્રપ્રભુનું સ્તવન.

રાગ હામાન. કેનું ગુણીયલ ગાન. એ રાહ.

ચંદ્રપ્રભુ મહારાજ, નજર પડે. ચંદ્ર૦
જણકારે, રણકારે, નમુ તારે ચરણે,
શોભિત સુંદિર સાજ, નજર પડે. એ ટેક.

સાખી.

નવ નવ આંગી ઓપતી, સુંદિરતા અનૂપ;
શક્તિ નહિ કહેવા કથન, નામ સમુ છે રૂપ.
પાય છે, [1]સોમનો શોભિત સાજ, ભવ તારે,
ઉગારે, નમુ તારે, ચરણે શોભિત૦ ૧

---

૧ ચંદ્ર.

સાખી.

મહાસેન પીતા ભલા, લક્ષમણા છે માત;
ચંદ્રપુરી શોભાવવા, ચંદ્ર ઉદય મધરાત.
સેવામાં, ચોસઠ ઇંદ્રરાજ, પ્રતીહારે,
આઠતારે, નમુતારે, ચરણે. શોભિત૦ ૨

સાખી.

સેવા કરતાં કોઇ જન, મુકે અધિકું ધંત;
હું હીન બાળક આપને, અર્પું મારૂં મંન.
પ્રભુજી, આપછો મમ શિરતાજ, તુજ તારે,
ઉગારે, નમું તારે, ચરણે. શોભિત૦ ૩

(૯) સુવિધિનાથનું સ્તવન.

મામાએ ક્રોધજ કીધો. એ રાહ.

સુવિધિ બતાવો વિધિ, મળવાને ધર્મની રિદ્ધિ.
જેથી પામું ઝટ સિદ્ધિ.
જિનરાજ, શિરતાજ, દિલધરી દયા મહારાજ;
બતાવો [1]પાજ, દયાના નિધિ. સુવિધિ૦ એ ટેક.

સાખી.

રામા સુગ્રીવ માવીતર, મગરમચ્છ પાય;
ફાગણ વદ નવમી ચવન, ઉજ્વળ વર્ણ કાય.
વિશ્વનાથ, જોડું હાથ, રાખો સાથ, દિલધરી દયા. સુવિધિ૦ ૧

સાખી.

પુણ્ય પ્રતાપે પામીયો, સ્વામિ આપનું શર્ણ.

---

૧ પુલ.

કૃપા કરીને નાથ હે, ટાળો જન્મ મર્ણ.
આ સંસાર છે અસાર, તેથી તાર, દિલધરી દયા. સુવિધિ૦ ૨

(૧૦) શીતળનાથનું સ્તવન.

સખી વીરહી જનની પીડ વીરહી જાણે છે. એ રાહ.

ચાલો જઇએ દર્શન કાજ, જિનજી વંદોરે;
ચાલો કરીને સ્તુતિ આજ, પાપ નિકંદોરે.

સાખી.

શીતળ જિન શીતળ કરણ, દશરથ રાયા નંદ;
શીતળ છાંયા જિન તણી, ચાલો છોડી સંસારી ફંદ,
શીતળ આગેરે. ચાલો કરીએ ભાવ વંદન, ભવ દુખ ભાગેરે,
ચાલો જઇએ દર્શન૦ ૧

સાખી.

શ્રી વચ્છ લચ્છન પાયમાં, સુંદિર છબી સોહાય;
દેખી દિલ ખેંચાય છે, ચાલો મન મળવાને ધાય,
દર્શન કરીએરે, ચાલો સેવી નાથના ચર્ણ.
ભવજળ તરીએરે. ચાલો જઇએ૦ ૨

સાખી.

સમત શિખર ગીરિપરે, અણુસણ લઇ ઉલ્હાસ;
તાર્યા અણુગીત માનવી, કરે વિનતી પ્રભુની પાસ,
ગઢડા બાળોરે, પૂરી દેવદાસની આશ, ફેરા ટાળોરે,
ચાલો જઇએ૦ ૩

(૧૧) શ્રેયાંસનાથનું સ્તવન.

એ વૃત જગમાં દીવો મેરે પ્યારે-એ રાહ.

શ્રી શ્રેયાંસને વંદો મેરે પ્યારે. શ્રી૦

દરિશને મનને આનંદા મેરે પ્યારે. શ્રી૦
વિશ્નુ માત પીતાને ખડગી, લચ્છન શોભિત પાય,
[1]છપન કુમારીએ નવરાવ્યા, નમો નમો જિનરાય.
મેરે પ્યારે. શ્રી શ્રેયાંસ. ૧
સીંહપુર સંજમ ગ્રહીને, પ્રતિબોધી બહુ દેશ;
છોંતેર ગણધર સંગાથે, ટાળ્યા રાગને દ્વેશ.
મેરે પ્યારે શ્રી શ્રેયાંસ૦ ૨
સમતશિખરે અણુસણુ પામ્યા, નમો એ જગદેવ;
પાંતરીશ વાણી આરાધક, નમો નાથ તતખેવ.
મેરે પ્યારે શ્રી શ્રેયાંસ૦ ૩
શુદ્ધ મનેથી ફુલ ચઢાવી, કેસર ચંદન ધૂપ;
ત્રિવિધ રીતીએ પૂજન કરતાં, પેખું જિનના રૂપ.
મેરે પ્યારે શ્રી શ્રેયાંસ૦ ૪

(૧૨) વાસુપુજય સ્વામીનું સ્તવન,

રાગ ધનાશ્રી.

આંગી અજબ સોહાય, જિનંદા તોરી આંગી અજબ.
દેખી દિલ હરખાય, જિનંદા તોરી આંગી અજબ સોહાય.
જીનવર ચંદા, આનંદ કંદા,
તારક દુઃખ દેવાય, જિનંદા તોરી આંગી૦ ૧
વાસુપુજય જિન, ઉત્તમ આ દિન,
દેખી મન હરખાય, જિનંદા તોરી આંગી૦ ૨
અષ્ટાપદ ગિરી, અણુસણુ ધરી,

---

૧ જિનેશ્વરના જન્મ કલ્યાણીક વખતે છપન દિશા કુમારીએ ત્રીગડો રચી નહવરાવેલા.

થયા મોક્ષના રાય, જિનંદા તોરી આંગી० ૩
કરે તુમ સેવા, દેવાધિ દેવા,
પ્રણમુ નિત્ત જિનપાય, જિનંદા તોરી આંગી० ૪
ગઢડા સભાજન, અર્પે છે મન,
હર્ષે દીન દેવ ગાય, જિનંદા તોરી આંગી० ૫

(૧૩) વિમળનાથનું સ્તવન.

નાથ કૈસે ગજકો બંધ છોડાયો. એ રાહ.

વિમળ પ્યારા આપો વિમળ મતિ સારી,
લાગ્યો મને સૃષ્ટિ તણો ઘા કારી. વિમળ०
આપ જો આપો સુખ સ્વરગ તણ, બેસશે નહિ એક પાઈ;
માટે અરજ આ દયો મન ઉપર, ખોટી ગણું છું સઘાઈ. વિ०૧
સુઅર લચ્છન શોભિત સુંદર, કંચન વરણે છે કાયા;
રાખી સંજમપર દૃઢ મન ભાવના, છોડી સંસારની માયા. વિ०૨
અડસઠ સહસ્ત્ર સાધુ સંગાથે, પામ્યા કેવળ સિદ્ધિ;
સદ્ગુણ સુભાવે જે નર ભજશે, પામશે અવિચળ રિદ્ધિ. વિ०૩
ત્રિયોદશ તિરથંકર પદવી, નાથ વિમળે દિપાવી;
સમતશિખર ગિરિ માસ અશાઢે, કાયા પ્રભુજી ખપાવી. વિ०૪
શુભ મનેથી સ્વામિ ભજીને, અવિચળ સુખ માગી;
લક્ષ ચોરાસી ફેરા નિવારો, હું છું આપનો રાગી. વિમળ. ૫

(૧૪) અનંતનાથનું સ્તવન.

નમું પદ ગીરજાપતિને. એ રાહ.

ખંત ધરીને અનંતને સમરૂં.
સિંહસેન સુત સમરૂં તમને, આધિ વ્યાધિ નિવારો;
તારો તારક હે પ્યારા, ભવ કેમ તરૂં. ખંત ધરી० ૧

સજ્જડ ચોંટયું છે મન, ચંદ્ર ચકોરનું તન;
તમ સ્હાયે પામું તૃણ, ટાળો જન્મ મરણ;
આપ સેવા શુભ ભાવે કરતાં, અટવી અનાદિ તરતાં;
તારો તારક હે પ્યારા, ભવ કેમ તરૂં. ખંત ધરી૦ ૨

(૧૫) શ્રી ધર્મનાથનું સ્તવન.

રાગ પીલુનો બરવો.

ધરમ પ્રભુજી છો જિન પ્યારા, તન મન ધન સૌ આપ હમારા;
માયા મંદિર આ ભવ માંથી, પરભવમાં તમે સુખ કરનાર.
ધરમ પ્રભુજી૦ ૧
અલ્પ [1]પ્રમદથી આગળ ચુકું, અંત ભોગવવા દુઃખના ભારા. ધ ૨
ભાનૂકુળ આપે દિપાવ્યું, નાથ. નમું છું હો દુઃખ હરનારા. ધ૦૩
વજ્ર લચ્છન આપને શોભે, તરણને જગતારણ હારા. ધ૦ ૪
રત્નપુરીમાં જન્મ ધરીને, સંજમ લીધો છોડીને દારા. ધ૦ ૫
ત્રિશ પચીશ ધનુષ કાયા, વંદન સુણજો સહસ્ર મારા. ધ૦૬
આપ ગુણોનું વર્ણન કરતાં, ખુટે નહિ થાય વર્ષ હજારા. ધ૦૭
કોકિલ સ્વરથી ગુણો ગાતાં, નહિ કરૂં જિનજી આપને ન્યારા. ધ ૮

(૧૬) શ્રી શાંતિનાથનું સ્તવન.

માઢ. શીદ કલપાવો સતાવો. એ રાહ.

શિર નામી, અંતરજામી શાંતિ, શાંતિ સદા દિલશાંતિ
દર્શને થાય.
હે શાંતિ, હે શાંતિ, સુખ કાંતિ, ઓપંતિ શોભંતી છે,
શાંતિનાથ; જેવંતી, પરખંતિ, ભેટંતી, કાપંતી, સૌ દુઃખ
સાગર સાથ. શિર નામી૦ ૧

---

[1] સુખ

સુખ કંદા, જિનચંદા, આનંદા, મૂણીંદા, ભવફંદા, તોડા-
વોને દેવ; હે નંદા, ¹અભયદા, ²સૌખંદા, તમ સદા, ભાવે
ભજે તતખેવ. શિર નામી૦ ૨
તનેથી, મનેથી, ધનેથી, ³પનેથી, કનેથી, નમું દાતાર,
હાથેથી, બાથેથી, સાથેથી, વિશ્વથી, તારો હે તારણહાર.
શિર નામી૦ ૩

(૧૭) શ્રી કુન્થુનાથનું સ્તવન.

માઢ. રાગ વીરા વેશ્યાના યારી.

કુંથુનાથ સ્વામી, અંતરજામી, છો શીરનામી, ગજપુ-
રે અવતાર; નહિ છે કાંઈ ખામી, આપ વિસામી,
જિનંદ સ્વામી, તાર કુંથુજિન તાર.
શ્રી માતા સુરરાય પીતાને, છાગ શુશોભિત પાય;
પ્રેમે પૂજું નાથ નિરંજન, કંચન વરણુ કાયરે. કુંથુ૦ ૧
કૃષ્ણ ચોદશ વૈશાક માસે, પ્રગટયો કુંથુ ભાણ;
શાંભળા ચોત્રીશ અતિશય, પામ્યા પ્રભુ નીર્વાણરે. કુંથુ. ૨
જિનવરજીનું મુખ નીહાળી, મન મળવાને ધાય;
પાંખ મળે નહિ ને નહિ સિદ્ધિ, ચાલે નહિ ઉપાયરે. કુંથું૦ ૩
જગતનીયંતા હે જગસ્વામિ, સર્વતણા પ્રતિપાળ;
અદકા બાળો અર્જ ગુજારે, લીયો નાથ સંભાળરે. કુંથુ૦ ૪

(૧૮) શ્રી અરનાથનું સ્તવન.

ધન ઘટા (૨) ભુવન રંગ છાયા—એ રાહ.

અરનાથ (૨) દેવીમા જાયા, સુદર્શન કુળ દિપાયા;

---

૧ નિર્ભયકર ૨ સૌ ગોરડા. ૩ [illegible]

પ્રભુ ચોસઠ ઇંદ્રો આયા, કુમારી છપન હુલરાયા;
જડીત્ર આસન પથરાયા, ભજી દિનરાત, કરી બહુ ભાત, મન રળિયાત, આપ ગુણ ગાયા. સુદર્શન૦ ૧
ત્રીસ ધનુષ્યની કાયા, નંદાવૃત શોભિત પાયા;
ગજાનાગપુરના રાયા, છોડયું સ્વરાજ, પ્રભુ સુખ કાજ, થયા જિનરાજ, કેવળ પાયા. સુદર્શન૦ ૨
અપરાજીતે આ'ર હિરાયા, ત્રીજે ભવ મોક્ષે ધાયા;
એમ ગુણી આગના પાયા, ભાવે સમરે સેવા તુમ કરે; તેજ ભવ તરે, કર્મ ખપાયા. સુદર્શન૦ ૩

(૧૯) મલ્લીનાથનું સ્તવન.

દશા આશી આજ મારી—એ રાહ.

મલ્લી જિનરાય ઉગારી (૨) ચરણ હ્યો દાસ ભવ ભારી.

સાખી.

જ્ઞાનીને ગુણના પતી, ગણધર અઠ્ઠાવીશ;
ચાલીશ સહસ્ર સાધુ મુની, આપ કને જગદિશ.
અન્ય અસંખ્ય વૃતધારી (૨) તુમ ગુણની છે બલિહારી. મલ્લી૦ ૧

સાખી.

લીલવરણ રળિયામણી, પચીશ ધનુની કાય;
મિથીલાપુરે જન્મીયા, પ્રભાવતી છે માય.
ક્ષણિક સંસાર નિવારી (૨), રહી નિત્ય બાળબ્રહ્મચારી. મલ્લી૦ ૨

સાખી.

ચૌદ સ્વપ્ન આપી પ્રભુ, જન્મ્યા માગસર માસ;
કળસ લક્ષણ શોભતું, ચરણ નમે દીન દાસ.
નમું હું મલ્લી મોરારી (૨), સુરત તારી છે સુખકારી. મલ્લી૦ ૩

સાખી.

દર્શન દેઇ દાસને, પ્રગટયા શોચણપુર;
સેવાથી સજ્જન સદા, કર્મ કરે ચકચૂર.
દય સિંધુ દયા ધારી (૨) ચરણ લ્યો નાથ નરનારી મહા૦ ૪

(૨૦) શ્રી મુનીસુવ્રત સ્વામીનું સ્તવન.

માઢ-સુંદર ગોપીના સંગમાં, સખીજી ખેલે રંગ.-એ રાહ
કરો પંચાંગ પ્રણામને, હેતેથી સેવો રાય.-એ આંકણી.
મુનીસુવ્રત જિન વીશમા, ને વીશ ધનુની કાય;
કૃષ્ણ વર્ણથી શોભતી, કલ્પવૃક્ષ રૂપ પાય. કરો૦ ૧
નાથ કરૂં નિત્ત પ્રાર્થના, ગુણ તમારા ગાય;
શક્તિ નહિ કથવા ગુણ કથની, દાસે કેમ કથાય. કરો૦ ૨
તૃષ્ણા દુરગુણ છે મુજ કેડે, પકડી બેઠો પાય;
કરૂં વીચાર મમ ખાનનો, તે પણ ભર્યો +નવાય. કરો૦ ૩
ખાધું નિત્યે ખાન મેં જે, ડુંગર મોટો થાય;
પીધું સાગર જળ પેટમાં, તોપણ નહિ ભૂખ જાય. કરો૦ ૪
ત્રિવિધ વાતેથી જગમાંહે, પડયો છું હું મુંઝાય;
આવ્યો છુટવા નાથને ચર્ણે, ઉગારો જિનરાય. કરો૦ ૫
ગુણગામિ ગુણના ભર્યા, ગુણીયલ છો મહારાય;
કરી સ્તુતિ દીન દેવ સુભાવે, માગે નાથની સ્હાય. કરો૦ ૬

(૨૧) શ્રી નમી નાથનું સ્તવન.

રાગ પીલુ-આપનો હુકમ માથે ચઢાવી:-એ રાહ.
નમી તમને નમન કરીયે, શાભિત ફૂલો નવ અંગે ધરીયે.
નમી તમને

+ નવાઇ.

શુધ્ધ ભાવે સ્તવના કરીએ, નાથ તમારા સદ્‌ગુણ ગણીને,
નમી તમને નમન૦ ૧
વીશ સહુસ સાધુને સંગે, સિદ્ધિ વર્યા નમુ પૂજા ભણીને. નમી૦ ૨
વિપ્રા વીજય માતને તાત, છોડયો સંસાર તુચ્છ ગણીને. નમી૦ ૩
માગશર શુદ એકાદશીદિને, કેવળી થયા ચારજ્ઞાન ભણીને. નમી. ૪
સાધુ સાધવી શ્રાવક સર્વે, શ્રાવીકા નમે બાળ બણીને. નમી૦ ૫
અર્પો મુક્તિ આપ હરીહંત, બાળનમે નિત્ત નમી ધણીને. નમી૦ ૬

(૨૨) નેમનાથનું સ્તવન.

કયાંથી આ સંભળાય મધુર સ્વર. એ રાહ.

નેમ નગિના રાય નિરંજન નેમ નગિના રાય.
શંખ લચ્છનથી શોભિત પ્યારા,
શીવા દેવીના જાયા. નિરંજન૦ ૧
સમુદ્રવિજયનું કુળ દિપાવ્યું,
પ્રગટી શ્રી જિનરાય. નિરંજન૦ ૨
શ્રાવણ શુદની પાંચમે રાતે,
શોરીપુર શોભાય. નિરંજન૦ ૩
અગર કસ્તુરી સમ શોભિત,
અંજન વર્ણું કાય. નિરંજન૦ ૪
કલ્પ તરૂસમ આ કળજુગે,
સેવતાં વાંછિત થાય. નિરંજન૦ ૫
રાજુલ નારીને પરીહારી,
છોડી નવમી સગાય. નિરંજન૦ ૬
બાળબ્રહ્મચારી રહીને તમે,
પહોંચ્યા રેવાગિરિ રાય. નિરંજન૦ ૭

આ દીન બાળક અર્જ ગુજારી,
માગે ભક્તિ સવાય. નિરંજન૦ ૮
મઢડા બાળો નમે નિરંતર,
સેવવા આપના પાય. નિરંજન. ૯

(૨૩) પારશ્વનાથનું સ્તવન.

ગોપીચંદ લડકા-એ રાહ.

પારસજિન પ્યારા, [૧]પારસથી અધિકા ગુણ અંગે આપને.
સ્પર્શે મણિ સમ સિંહાસનને, [૨]લોષ્ટ સમાગમ થાય; (૨)
તરૂણામાંથી મેરૂ [૩]મીસાલે, રૂપ કંચન બન જાયરે. પારસ૦ ૧
વિશ્વસેન કુળ આપ પધાર્યા, વમાદેવી તુમ માય; (૨)
નવ હસ્તની નાથ તમારી, નીલવરણની કાયરે. પારસ૦ ૨
સર્પ લચ્છન છે પ્રભુ આપને, સરપ પ્રાણ બચાય; (૨)
કાઉસગ્ગમાં મેઘ આવતાં, [૪]ભુજંગે છત્ર ધરાયરે. પારસ૦ ૩
ત્રીગડે ગઢ પ્રભુજી બીરાજે, મળે ઇંદ્ર દેવતાય; (૨)
મુખથી અમૃત વાણી વહેતી, અજરામર ગુણ [૫]ખાયરે. પારસ૦૪
વરાણસી નગરીમાં જન્મિ, પામ્યા મોટી વડાય; (૨)
તારાચુ દાનથી નાથ નીભાવો, બિનતી એ જગરાયરે. પારસ૦ ૫

(૨૪) મહાવીરસ્વામીનું સ્તવન.

રાગ-સીતાજીના મહિના.

દેવ ચોવીશમાં જિનરાજ, રહ્યા દોષ દૂરે કરી;
વૈશાખી દશમની સાંજ, [૬]હેલામાં કેવળ ધરી. ૧
ચંદ્ર શિરોમણી સુખ કંદ, વાસ છે કુંડલ પરી;

૧પાસમણી. ૨સોહું. ૩રીતે, પેઠે. ૪સર્પે. ૫ખાણ. ૬ક્ષણવારમાં.

દસમી માગશરે જિણંદ, શીઘ્ર સંજમ ધરી. ૨
દાદા અતુલબળી દીનનાથ, કુંદન સમ છો હરી;
મને સંભાળી ઝાલોને હાથ, ફરૂં છું સંસાર ફરી. ૩
જિન કેમ નહિ ધરો કાન, લાગું પાયે જુઓ જરી;
લક્ષ લાવશો જો મમ ભાન, હાની નહિ થાશે જરી. ૪
વચને વદતાં જિનરાજ, લગારમાં જાઉં તરી;
જીવતરમાં કરતાં કાજ, ગયો હદથી ઉતરી. ૫
શેવકે સમર્યા નહિ આપ, ઢચુ પચુ મન કરી;
ઠરીને ભજતાં સૌ પાપ, [1]દા લો નાથ કૃપા કરી. ૬

સ્તવન ચોવીશી સંપૂર્ણ.

અથ છૂટાં સ્તવનો.

(૨૫) શ્રી નવપદ આરાધનાનું સ્તવન.

નમું હું પ્રિતે ઈશ્વને.-એ રાહ.

પ્રણુમી શ્રી [1]ભગવંતને, આરાધું [2]અરિહંતને;
[3]સિદ્ધ ગુણુ દિલ સુણીને પ્રિતે, [4]આચારજને વંદુ નિત્તે;
સુખદાતા, ભવત્રાતા, જગપાતા, છો ધાતા. પ્રણુમી૦ ૧
[5]ઉપાધ્યાયના ગુણુ અતિશે, [6]સાધુજીને નમો હરનિશે;
દર્શન સુખ, કાપે દુઃખ, જોતાં મુખ, ભાગે ભુખ. પ્રણુમી૦ ૨
[7]જ્ઞાનગુણુનો છું અભિલાષી, [8]ચારિત્રવંતને નમું ઉલ્લાસી;
જેજે દેવ (૨) છો તતખેવ (૨) પ્રણુમી૦ ૩

1 કાપો.

*તપસ્વીઓને નમતા નિત્તે, ગઢપુરવાસી ઇચ્છે પ્રિતે;
મુક્તિ આપ, સેવક થાપ, દુર્ગુણ કાપ, દર્શન આપ પ્રભુજી૦૪

(૨૬) અરિહંતનું સ્તવન.

આજ અનંત બહારરે, પ્રભુ બેઠા મગનમેં. એ રાહ.

શું સુંદિર ચળકાયરે, છબી અતી ઝગકતી.
અતિ મનોહર ભવ્ય મુદ્રિતા, મનરંજન સુખદાયરે. છબી.૧
સુધાકર સમ શ્રેય શિતળતા, નિષકલંક સોહાયરે. છબી. ૨
તેજ તપે અતિ *રશ્મિકરણમાં, મંગળકારી છે†ઝાંયરે. છબી ૩
જેના ગુણ અપૂર્વ અનૂપમ, સુવર્ણ ચળકિત કાયરે. છબી. ૪
એવા ગુણી અરિહંત પ્રભુજી, પામ્યા ભાગ્ય પ્રભાયરે છબી ૫
ગઢડા બાળ દીન દેવ સંગાથે, નમી લીએ શુભ ×લ્હાયરે છબી ૬

(૨૭) ચોવીસ તીર્થંકરનું સ્તવન.

રાજુલ ગોરી બેઠાં છે માળીયેરે. એ રાહ.

નમીયે પહેલા તે [૧]આદિ જિનંદરે,
વાલી બીજા છે [૨]અજીતનાથ નગીના. ભાવ સ્તુતિ સો
આદરોરે. ૧
પ્રભુ [૩]સંભવ [૪]અભિનંદનજીરે,
[૫]સુમતી [૬]પદ્મ [૭]સુપાર્શ્વનાથ નગીના. ભાવ સ્તુતિ૦ ૨
હેતે [૮]ચંદ્ર [૯]સુવિધિને પૂજીયેરે,
પ્યારા [૧૦]શિતળ [૧૧]શ્રેયાંસનાથ નગીના. ભાવ સ્તુતિ૦૩
પ્યારા [૧૨]વાસુ [૧૩]વીમળ [૧૪]અનંતજીરે,
વહાલા [૧૫]ધરમ [૧૬]શાંતિનાથ નગીના. ભાવસ્તુતિ૦૪

---

* સુર્યકિરણો, † પ્રતિબીંબ, × લાભ,

[17]કુંથુ [18]અર [19]મલ્લી જિન વંદીએરે,
[20]મુનીસુવ્રતને [21]નમીનાથ નગીના. ભાવ સ્તુતિ૦ ૫
[22]નેમ [23]પારશ્વ ને [24]મહાવીરજીરે,
એમ ચોવીશે જગનાથ નગીના. ભાવ સ્તુતિ૦ ૬
×બહુનામીને હરનીશ વંદતારે,
છૂટે ભવભ્રમણુની બાધ નગીના. ભાવ સ્તુતિ૦ ૭
હેતે લળી લળી કરૂં હું છણાંરે,
પ્રભુ અંકુશને પાપીનો હાથ નગીના. ભાવ સ્તુતિ૦ ૮

(૨૮) શ્રી આદિનાથનું સ્તવન.

પીતાજી આ કોપ તમે શા કર્યો.-એ રાહ.

જિનેશ્વર દેવ કૃપાળુ તમે, સુરીનર ઇંદ્ર તમને નમે;
આદિનાથ દાદા કૃપા કરજો, સેવકોની અર્જ દિલે ધરજો.
નાભીરાય પીતા મારૂદેવી માત, ચૈત્રી આઠમે મળી વધાય;
જન્મીઆ વનીતા નગરી મોઝાર, કેવળથી થયા તારણુહાર.
(હું)ભટક્યો ભવસાગર માંહે અતિ, નહિ ચાલી મારી અલ્પમતિ;
દયાળુ દાદા તમે સ્હાય થજો, નહિ મેં તો તુજને કો દિ ભજ્યો.
વૃષભ લચ્છન જિનજી તને, નમું નિત્ત તને ધને ને મને;
સેવકોની વિનતી કર્ણે ધરો, સદા શુભકાર્યમાં સ્હાય કરો.

×જિનેશ્વર, પ્રભુ, અર્હન, તિર્થંકર, તિર્થંકર, પારગત, જિન, ભગવાન, જગતપ્રભુ, ત્રિકાલવિત, ક્ષીણાષ્ટકર્મ, પરમેષ્ઠી, અધીશ્વર. સ્વયંભૂ, શંભુ, સર્વજ્ઞ, અભયદ, સ્યાદાદી, સાર્વ, વિત્તરાગ, અરિહંત, પુરૂશોતમ, આપ્ત, બોધિદ, સર્વદર્શી, દેવાધિદેવ, આદી બહુનામાં છે.

(૨૯) શ્રી વાસુપુજ્યસ્વામીનું સ્તવન.

સુણો તખ્તેશ પ્રિયા મેરા-એ રાહ

નમું જોડી હાથ એ પ્યારા, થાએ કેમ સુખ વીના તારા. નમું.
અએ વાસુજિન ઉગારો ધણી, દુખી બાળકોને મુર્ખ ગણી;
તુંમ માંહિ મગ્ન જો થાઉં, પલક માંહી તો તરી જાઉં. નમું. ૧
મહીષ લચ્છને મહીપર ફરી, છસો સાધુ સાથ માંહે ધરી;
ધન્ય મોરારી મોરા નાથ, તારો અબિધ દઇને હાથ. નમું. ૨
ચંપાપુરમાં કેવળ પામી, થયા નાથ મોક્ષના ગામી;
અરે શીર નામી તારો નાથ, ઉગારો દાસ સકળ સંઘ સાથ. નમું. ૩

---

(૩૦) શ્રી વાસુપુજ્યસ્વામીનું સ્તવન.

રાગ ચીતાળી ચોપાઇ.

આજ આનંદ દીસેછે ભારી, શોભે કાંતિ શી વાસુ મોરારી;
બાળો ખમેછે સૃષ્ટિ ઘા કારી, તોયે ભક્તિ ન સેવે તમારી.
બુદ્ધિ શુદ્ધિ તું આપને સારી, જેથી સેવા હું પામું તારી;
ભમ્યો ભવાંતરે અન્ય ધર્મે, મળે નહિ કાંઇ તત્વ કર્મે.
સેવક આવ્યો છે ચર્ણે તારે, પ્રભુ તુંજ મારે કે ઉગારે;
સુરા સુર નમે તને નિત્યે, આણી ભાવ હૃદયમાં પ્રિતે.
આપો અવિચળ સુખની બારી, જન્મ મરણથી ગયો હું હારી;
નામ જપતાં દુર્ગતી નાસે, હું તો આવી ઉભો તમ પાસે.
આપ તારક ત્રિભોવન કંથ, પ્રભુ બતાવો મુક્તિનો પંથ;
દીન સેવ નમે દુર્ગાપુરે, આ સંઘનાં પાપ તું ચૂરે.

(૩૧) શ્રી ધર્મનાથનું સ્તવન.

શું નટવર વસંત થૈ થૈ નાચી રહ્યો. એ રાહ.

કાં વહાલા ધરમ જિન ભૂલી ગયો, ભૂલી ગયો, ને ભુલાવી ગયો. કાં વહાલા૦

સાખી.

ભાનુકુળ ભાનુપતી, પ્રગટી મહા શુદ ત્રીજ;
શુદ્ધ મને સંજમ ધર્યો, છોડી સઘળી ચીજ.

છાંડી ×અઢારે દોષની કુમોહના, હું તો તેમાં બહુ ગુંચી ગયો; ગુંચી ગયો, ને ગુંચાઈ ગયો. કાં વહાલા૦

સાખી.

પોષ શુદી પુનમ દિને, પામી કેવળનાથ;
ત્રેંતાલીસ ગણધર અને, સકળ સંઘની સાથ.
પ્રભુ છપ્પન કુમારિને સાથ, ચોસઠ ઇંદ્રારે;
કરે સેવા વિવિધ પ્રકાર, વહાલા જિનંદારે.

સાખી.

ધન્ય ધન્ય મોગરી હો, તારો ત્રીન જ્યાગ;
કરૂણાળુ કરૂણા કરી, લીધો નાથ સંભાળ.
સુંદિર છબીરે વહાલા, સ્ફુરો હૃદયમાં,
અષ્ટ કર્મની દૂરે ફરી રહ્યા, ફરી રહ્યા, ને ફરાઈ રહ્યો. કાં વાહાલા ધરમ જિન૦ ૨

× અજ્ઞાન, ક્રોધ, મદ, માન, માયા, લોભ; રતિ, અરતિ, નિદ્રા, બાળ, ક્રીડા, હાસ્ય, શોક, અસત્યવચન, ચોરી, મત્સર, પ્રાણીહિંસા, પ્રેમ, એ અઢાર દોષ છાંડ્યા છે.

(૩૨) શ્રી ધર્મનાથનું સ્તવન.

થયાછો રે. એ રાહ.

તમેછો રે મમ દેવ કૃપાળુ, સુવ્રત માત જાયા.
ભાનૂરાય સુત આપ દયાળુ, ધર્મનાથ મહારાજ;
સૌ માગે, તમ આગે, સુખ માગે, દુઃખ ભાગે;
કુંદનપુરમાં કુંદન સમ છે, કાંતિવંત કાયા. તમે૦ ૧
પૂરવ પુન્યથી જૈન ધરમ હું, પામ્યો જે સુખદાય;
ધર્મ કૃતિ, ઝીણી અતિ, જોએ મતિ, જ્ઞાન ગતિ;
સમજે નહિ જે અલ્પ મતિવંત, નહિ જિનંદ ગાયા. તમે૦ ૨
ચોસઠ સહસ્ત્ર સાધુ પરીવારે, કેવળ પાયા નાથ;
ભવ ખારો, ઊગારો, ઝટ તારો, દિલ ધારો;
આપ વીના કોણ અન્ય જગતમાં, દેવ જિનરાયા. તમે૦ ૩

---

(૩૩) શ્રી શાંતિનાથનું સ્તવન.

રાગ માઢ.

કેવી સુંદર મુરત શોભતી, જાણે ચંદ્ર રવિ ચળકાય;
શાંતિ તણા દર્શનથકી, મોહ માયા મટ જાયરે. જાણે૦

સાખી.

મૃગ લચ્છન જેના પાયમાં, કાયા કંચનવાન;
ચાલીશ ધનુની કાયા જેની, આંખ્યો રત્ન સમાનરે. જાણે. કેવી. ૧

સાખી.

મુગટ રત્ન હિરે જડયા, કરણ કુંડળ ઔર હાર;
કલ્પતરૂ સમ આપ કૃપાળુ, માગું નિત્ત ઉદ્ધારરે. જાણે. કેવી. ૨

સાખી.

ધન્ય ધન્ય દિવસ આજનો, ધન્ય પ્રભુજી સ્વરૂપ;
શાંતિજિન નિહાળતા મારે, આજના દિન અનૂપરે. જાગે. ફેરી.૩

સાખી.

ગઢડા કિતેચ્છુ સભાજનો, અર્જ કરે આ વાર;
નાથ નિરંજન અર્જ સુણીને, આ ભવ પાર ઉતારે જાણું. ફેરી.૪

---

(૩૪) શ્રી નેમનાથનું સ્તવન.

હાંરે મારે ઠામ ધરમના સાડાપચવીશ દેશજો. એ રાહ.

હારે મારે નેમનગીના નાથ નિરંજન દેવજો,
શ્રાવણ સુદ પાંચમની રાતે જન્મીયારે લોલ;
હાંરે કરી રચના ચોસઠ ઈંદ્ર કુમ.રેજો,
મેરૂપર પ્રભુને પધરાવ્યા પખાલવારે લોલ. હાંરે ૧
હાંરે પ્રભુ સુણી વચન મર્મ ભરેલ ભોજાઈતાજો,
ચાલ્યા જાન સજી જાદવની પરણવારે લોલ. હાંરે ૨
હાંરે સુણી રૂદન તોરણીયે પશુનું દિલફાટનો,
સુણતાંરે દયાદરિયો જોસે ઉછળ્યોરે લોલ. હાંરે. ૩
હાંરે ફેરી રથડો વાળ્યો સંજમ કાજજો,
રાણી રાજુલ સર્વે સભા વીનવેરે લોલ. હાંરે૦ ૪
હાંરે પ્રભુ છાંડયો મોહને માંડયો સંજમ પાયજો,
થાતારે મુનીવર દઇ અમૃત દેશનારે લોલ. હાંરે૦ ૫
હાંરે રૂદનથી રાણી રાજુલ કરે પોકારજો,
સમજાવે સંસારે સૌ છે સ્વાર્થનુંરે લોક. હાંરે૦ ૬

હાંરે પ્રભુ સંજમ લઇને સહસ્ર સાધુ પરિવારજો,
દોષ અઢારે છાંડી કેવળ પામતારે લોલ. હાંરે૦ ૭
હાંરે જબ દેશના દે તબ અમૃત વરસે ધારજો;
તાર્યાં અગણીત નરનારી પરીવારનેરે લોલ. હાંરે૦ ૮
હાંરે પ્રભુ નામ સમરતાં દુરગતિ નાસે દૂરજો;
પ્યારામે શરણે હું આવી વિનવુંરે લોલ. હાંરે૦ ૯
હાંરે નાથ આપ વીના નહિ અવર તણો આધારજો;
તરણ તારણ નિવારણ નાથ નિવારજોરે લોલ. હાંરે૦૧૦
હાંરે દીનદાસ નમે ઉલ્હાસે આપને ચર્ણ જો,
તારોરે જગતારક આપી નાવડુંરે લોલ. હાંરે૦ ૧૧

---

(૩૫) શ્રી પાર્શ્વનાથનું સ્તવન.

તિરથની આશાતના નવી કરીએ. એ રાહ.

પારસનાથને વંદીને દુખ હરીએ, હાંરે દુખ હરીએરે દુખ હરીએ, હાંરે વંદી દુઃખ નિધિ દૂર કરીએ,
હાંરે તરીએરે સંસાર. પારસનાથ૦
વિશ્વસેન કુળે પ્રગટ્યા છો જિનંદા,
હાંરે વ્હાલા સાસનનાયક ચંદા,
હાંરે સૌ સંઘને છો સુખ કંદા, હાંરે પ્યારાછો ગિરધાર. પા૦૧
પોશવદ દશમીએ જન્મીયા રાયા, હાંરે શોભે નિલવરણની કાયા;
હાંરે પ્યારા વામામાતાના જાયા, હાંરેછો અનાથ આધાર. પા૦ ૨
સંસાર કેદથી છૂટવા દાસ વંદે, હાંરે વંદી ભાવથી પાપ નીકંદે;
હાંરે નમે ગઢડા બાળ આનંદે, હાંરે દીનદાસને તાર. પારસ૦ ૩

(૩૬) શ્રી માહાવીરસ્વામીનું સ્તવન.

ભુજ઼ડ લશ્કર લઇ આવેછે.—એ રાહ.

માહાવીર ત્રીસલા માત જાયા (૨)
ક્ષત્રિકુંડમાં આપ ચવ્યા, ઘેર સિદ્ધારથ રાયા. ૧
શશી સમ શિતળ આપ છાંયા (૨)
સમે કસ્તુરી કંચન સમછે, પવિત્ર આપ કાયા. માહા. ૨
દયાળુ સેવક દિલ ધારો. (૨)
કર ગ્રહી હું પાપી બાળને, ભવજળથી તારો. માહા. ૩
સંજમને બાર વર્ષ વીતે (૨)
કેવળનાણુ પામી પદ પામ્યા, અરિહંત જિતે. માહા. ૪
પારણાં ત્રણસેં ઓગણપચાસ (૨)
બાકી જુદાં સર્વ તપોમાં, કર્યા નિત્ત ઉપવાસ. માહા. ૫
ગઢડા સભા માગે કિરતાર (૨)
દેવચંદ કહે નાવ ડુબતી, ઝાલી પાર ઉતાર. માહાવીર૦ ૬

---

(૩૭) શ્રી મંધરસ્વામીનું સ્તવન

આવો આવો પાસજી મુજ મળીયારે.—એ રાહ.

નમો નમો નિત્ત મંધરસ્વામીરે,
હાંરે જેછે જગજન અંતરજામી. નમો નમો૦
હાંરે પ્યારા પુંડરીક ગેરિના રાયારે, શોભે કંચનવરણી કાયારે;
હાંરે પ્રભુ સત્યકિ માતાના જાયા. નમો નમો૦ ૧
હાંરે આપ મહાવીદેહ મણિમય પુરેરે, હું તો ભરતમાં
ભટકુંછું દરેરે; હાંરે નાથ ચાહુંતો પાતક ચૂરે. નમો નમો. ૨

હાંરે ચંદ્ર સાગરથી અતિ દૂરરે, પણ ખેંચાઇ ચક્ચૂરરે; હાંરે એમ ખેંચાય નિત્ત મમ ઉર. નમો નમો૦ ૩
હાંરે પ્યારા આશાપુરી પાસ સખોરે, *ચંદ્ર મેઘપરે ભાવ દાખોરે; હાંરે કૃપાનેણ બાપ્પાપર નાંખો. નમો નમો૦ ૪
હાંરે કરે સ્તુતિ જો આપની ભાવેરે, એના મનના તે વાંછિત થાવેરે; હાંરે દીનદાસ તારા ગુણ ગાવે. નમો નમો૦ ૫

આત્મહિતનાં સ્તવનો.

(૩૮) નેમ રાજુલ સંવાદ.

રાજુલ કહેછે—રાગ ધોળ

વ્હાલા નેમ તમે હેતે આવીયા, સજી જાદવ કુળની જાન;
ફરી ગુલતાન, વળ્યા કેમ પાધારા. ૧
કર્યા આડંબર અતિ અમે, જોઇ આપની હેતથી વાટ;
લખ્યું શું લલાટ. વળ્યા કેમ પાધરા૦ ૨
મિન હું જળ તમ વિન ટળવળું, લેશો કોણ મારીરે સંભાળ;
ફેરિલો દયાળ. વળ્યા કેમ પાધારા૦ ૩
હાય હિણભાગી દુખી નારને, છોડી નવનવ વાર હે નાથ;
લઇ જાઓ સાથ, વળ્યા કેમ પાધરા૦ ૪
અરેરે દુ:ખના દિન દેખવા, નથી શક્તિ મારામાં લગાર;
આપો આધાર, વળ્યા કેમ પાધરા૦ ૫

---

* ચંદ્ર અને વરસાદ અપકારી ઉપર પણ સમભાવ રાખી સર્વત્ર સરખાપણું દાખવે છે, તેમ મારા અપકાર ક્ષમા કરી સુદૃષ્ટિ રાખશો.

નેમનાથ રાજુલને કહેછે-આત્મહિત શિક્ષણ.

સુણો રાજુલ વાત સંસારની, થઇ શાંત ધરી મન આંત;
સૌને મતલબ, કર્યાં કર્મ ચાખવાં. ૧
સુખમાં ભગની માવીતર ભજે, ભજે ઓરત સમા સંગાથ;
નહિ આવે સાથ, કર્યાં કર્મ ચાખવાં. ૨
શરીરે સુખમાં નહિ સાંભરે, દુખે નિત્ત ભજે ભગવાન;
અંતે સુઝે દાન, કર્યાં કર્મ ચાખવાં. ૩
ભમરા સમ શું કમળે ચઢયો, પડી રહ્યો ભૂલી સાંજ ભાન;
થયો બંધીવાન, કર્યાં કર્મ ચાખવાં. ૪
માથે લટકેછે શસ્ત્ર મરણનાં, આમ બાધી પડેથી સંસાર;
નથી વસ્નાર, કર્યાં કર્મ ચાખવાં. ૫
ચેત રાજુલ ચેતાવું ચિતમાં, છે.ક જુઠી જગત જંજાળ;
તો સિદ્ધિમે ભાગ, કર્યાં કર્મ ચાખવાં. ૬

---

(૩૯) પ્રભાતિ, ઝુલણા. આત્મહિત.

ચેત ચેતન હજી, ચિત્ત ચોખ્ખું કરી, કેમ ચકચૂર છો મોહ માયે;
ક્ષણીકના લોભમાં, લોભ આગેો કરી, લોભની બાથમાં કેમ જાયે,
નિત્ત આયુષ્યમાં, એકદિન અલ્પતું, ઉઠતાં સમજીને, [1]સાર્વભજજે
કાળઆવે રહે, સર્વ મિલકત પડી, જોરૂ જરનો અંતિ, મોહત્યજજે
નાવતુંજ હૃદયને, વિશ્વ રત્નાકરે, [2]લીનમન ખડકથી, દૂર રાખે,
ચેતતાં ચાલતાં, નાથ સંભારતાં, પામશો પાર ઝટ, દેવ સાખે.

---

૧ અરિહંત ૨ દુર્ગુણમાં મસ્ત.

(૪૦) મનુષ્યની રેલગાડી સાથે સરખામણી.

દશા આસી થઇ મારી.—એ રાહ.

જોને આ જાયછે ગાડી (૨) ફરે ભૂતળની વાડી. જોને.

સાખી.

ભૂતળ સડક બનાવીને, રાગ દ્વેશ પાટાય;
કરમ એંજીનમાં ભરી, અગ્નિ રૂપ કમાય.
વિષય જગરૂપછે ખાડી (૨) [1]પેસેંજરમાં ચૂગલચાડી. જોને. ૧

સાખી.

તૃષ્ણા ભુંગળું આગળે, ડબ્બે રહ્યા કષાય;
ખરચીમાં સાથે લહી, પુરવની કમાય.
કોઇએ ટિકિટ સ્વરગ વાડી (૨) લીધી કોઇએ નરકખાડી, જોને. ૨

સાખી.

વિવિધ સ્ટેશન છાંડતી, ગાડી ચાલી જાય.
[2]તાજું ભાતું કોઇ લીયે, બાકી જુનું ખાય.
અટકતાં ટ્રેનની નાડી (૨) ઉતારૂ ઉતરે દાડી. જોને. ૩

સાખી.

આવરદા સીંગલ પડયું, આવ્યું નર્કનું વન;
આલી સંખ્યા [3]સોગણી, બૂઝાવીને તન.
સમકતી વીજ આષાઢી (૨) મળે નહિ ત્યાં બગાડ ગાડી. જોને. ૪

સાખી.

માથે પાપની પોટલી, સાથે કામની આગ;
બૂમે બૂમ બરાડતો, નાચ્યો નર્કની પાગ.
કરમ ઉપર સહુ પાડી (૨) જરા [4]સુખે દુખે દાડી. જોને. ૫

---

૧ ઉતારૂ. ૨ આભવમાં પરમાર્થ કરી તાજું ભાતું તો કોઇકજ લીએછે, બાકી ગયા ભવનું ખાય છે. ૩ સહ્યાં તેથી સોગણાં. ૪ સંસારના અલ્પ સુખમાં મગ્ન રહેવાથી હમેશાં દુખો ભોગવવાં પડે છે.

(૪૧) મુર્તિ પૂજાની સત્યતા માટે શાસ્ત્ર શાખ:

સખરે ઉતારો રાજા ભરથરી. એ રાહ.

આર્ય ધરમ અતિષય ગુણે, દેશો દેશ પંકાયજી;
વર્ણન તેનું વિચારવા, દેજો સરસ્વતી સ્હાયજી.
જૈન ધરમ અતિ ઉજળો. ૧
સુક્ષ્મ દૃષ્ટિએ પેખતાં, અતિ ઝીણો જણાયજી;
શાસ્ત્ર સર્વ નિહાળીને, ભણતાં અધિક ભણાયજી. જૈન૦ ૨
આર્ય ધરમ સૌએ ગણ્યો, મૂરતિ પૂજાથી પૂર્ણજી;
દર્શનથી મન ભાવના, કરે કર્મને ચૂર્ણજી. જૈન૦ ૩
શિશુ વયમાં પણ સર્વદા, જાએ ધર્મને સ્થાનજી;
દેખી છબી અરિહંતની, થાએ નાથનું ભાનજી. જૈન. ૪
પ્રત્યક્ષ વિના કાઇ એકથી, પ્રિત કરો શું પ્રમાણજી;
દેખી છબીને પછી કહો, દર્શન ભાવની ખાણજી: જૈન. ૫
મુરતી પૂજા પ્રકારની, જૈન શાસ્ત્રછે ગમજી;
×ભગવતી ×ઉવ્વાઈસુત્રમાં, વળી ×જીવાભીગમજી. જૈન. ૬
×આચારંગ ×ઠાણાંગને ×રાયપસેણીમાં લેખજી;
સુત્ર ×વ્યવહાર ×નંદિ વિષે, ×ઉતરાધ્યયને દેખજી, જૈન૦ ૭
મહાનિશી ×આવશકમાં; વળી ×મહાકલ્પે વાતજી;
×જંબુદ્વીપ ×પન્નતિને, ×જ્ઞાતાસુત્ર વિખ્યાતજી. જૈન૦ ૮
×સુયગડાંગને અન્યમાં, પૂજન જિન ચોવીશજી;
જા શાસ્ત્રથી વાંચતાં, મુર્તિછે દશ દિશજી. જૈન૦ ૯

×આ નિશાનવાળાં શાસ્ત્રનાં નામ છે કે જેમાં મુર્તિ પૂજા માટેની.

(૪૨) હાલની પ્રચિન મુર્તિઓના લેખના દાખલાથી પણ મુર્તિ પૂજા અસલની સાબીત થાય છે.

રાગ-કલાણ.

શ્રી અખિલેશ્વરો, પ્રભુ કૃપા કરો;
નમે આપ ચરણ કમળ, ભવ દુખો હરો.
મહુવામાં શ્રી મહાવીર સ્વામી, જીવીત સ્વામી કહેવાય;
મહાવીર વીચરતી વખતે, થઇછે પ્રતિષ્ટાય. શ્રી૦ ૧
પદ્મ પ્રભુના પ્રાચિન દે'રે, લેખ ઔરંગાબાદ;
ચોવીસેં વરસોનો આજે, જુનો જિન પ્રાસાદ. શ્રી૦ ૨
શત્રુંજય છે વીર પૂર્વેનો, થયા સોળ ઉદ્ધાર;
કચ્છદેશ અંજાર ગામમાં, એક જિર્ણછે દ્વાર. શ્રી૦ ૩
જે ભદ્રેશ્વરનું કહેવાયે, વિરથી વર્ષ ત્રેવીશ;
દેવચંદ્ર શ્રાવકે કરાવ્યું; પારસ્વનાથ જગદિશ; શ્રી૦ ૪
એ [1]હજારપરના પૂજાએ, મથુરામાં મહાવીર;
[2]ઓસાગામમાં પણ વિર દે'રૂં, લેખ સુણો કરી ધીર. શ્રી૦ ૫
મહાવીરથી [3]સપ્તદાયકે, રત્નપ્રભ સુરી રાય,
કરી પ્રતિષ્ટા પુરણ ભાવે, મહાવીર પધરાય. શ્રી૦ ૬
[4]શંખેશ્વરમાં પારસ્વ પ્રભુ છે, પૂર્વ ચોવીશી રૂપ;
અષાઢીએ છે પધરાવ્યા, શોભે જેહ અનુપ. શ્રી૦ ૭
[5]ધૂળેવા કેસરીયા નાથજી, રાવણના પૂજેલ;
એમ અતિશય જિર્ણ મંદિરો, આજતુંલક સૂજેલ. શ્રી૦ ૮

---

૧. વર્ષ ૨ આ ગામ જોધપુરથી પશ્ચિમે વીશ ગાઉ ઉપર છે. ૩ શીતેર વર્ષ ૪.સંખેશ્વર રાધનપુરથી સોળ ગાઉ છે. તે પ્રતિમા આ ચોવીશીને વખતે ભરાવેલ છે. ૫ ધૂળેવા ઉદેપુર પાસે છે

મહીનાથ ભોયણુપુર પ્રગટયા, કરવા સિદ્ધિકાજ;
શાંતિનાથ વથલીપૂર્વના, નમુ નિત્ત જિનરાજ. શ્રી૦ ૯
શિરપુરમાં [1]પારશ્વ પ્રભુજી, અંતરિક્ષ શિરતાજ;
સિંહાસનથી અધરબીરાજે, વંદે જૈન સમાજ. શ્રી૦ ૧૦

(૪૩) અઠાઇઓચ્છવની ગહુંલી.

રાગ-શાંતી જિનેશ્વર સાહીબારે.-એ રાહ.

દુર્ગપુર રળિયામણુંરે, સુણો ભાર વૃતાંત સલુણા;
તિર્થંકર પદ સ્થાપતાંરે, નિત્ત વધે મનખાંત સલુણા;
પ્રથમ ઉદ્યોત મુની આવતાંરે, અધિક ઉદ્યોત થાય સલુણા;
દિન દિન મુની સમાગમેરે, વિશેષ નાથ ગવાય સલુણા;
સંવત ઓગણી છપનેરે, ચોમાસું મુનીરાજ સલુણા;
હિતવિજય હિતના ભર્યારે, કીધાં ઘણાં સુકાજ સલુણા;
શાંતિ સુકારણ શંઘમાંરે, શાંતિ સનાત્ર પઠાય સલુણા;
નરલોક ફરી ચોદિશેરે, બાગમાં પૂજા ભણાય સલુણા;
પ્રભુ પધરાવી છાંયડેરે, આસોપાલવ ઝાડ સલુણા;
દુધ ધારા દીધી ચોદિશેરે, સાથે ધૂપ ધૂમાડ સલુણા;
ભાદરવા વદી દશમીરે, અઠ્ઠાઇઓચ્છવ થાય સલુણા;
આઠ દિવસ ઉછરંગથીરે, પૂજા વિવિધ ભણાય સલુણા;
આંગી મંડપ નિહાળવારે, પ્રભુ દર્શનને કાજ સલુણા;
ગામના સર્વ લોકો મળેરે, અન્ય સ્થળોની સમાજ સલુણા;

---

૧ શીરપુર ગામ વરાડ પ્રાંત વૈદર્ભ દેશમાં આવેલું છે, તે જી. આઇ. પી. રેલવેના આકોલા સ્ટેશનથી વીશ ગાઉ છે ત્યાં પારશ્વ-પ્રભુની મુરતી નીચેથી હજી અંગલુણું જાય તેટલે અધર છે,

અમલદારોને અન્યથીરે, મંડપમાં નહિ માય સલુણા;
પ્રભુની કીર્તિ નિહાળતાંરે, હર્ષિત થાય અથાગ સલુણા;
મૃદંગને હાર મોનીયમરે, ફિડલ ઝાંઝ પખાજ સલુણા;
કરે સ્તુતિ જિનરાજનીરે, સાથે મળીને સમાજ સલુણા;
લાવી સામગ્રી ઘણીરે, ભાવનગર બોટાદ સલુણા;
ઢોલ ચોઘડીયાં વાગતાંરે, થાયે વિવિધ નાદ સલુણા;
પૂર્ણાહુતીએ હર્ષે ભરીરે, ઇંદ્રથી વૃષ્ટિ થાય સલુણા;
હોંશ ધરી ગુણ ઉચરેરે, ધન્ય ધન્ય નાથ પસાય સલુણા;
નોકારશી આંઝે કરીરે, આનંદ ગઢડે છવાય સલુણા;
કર્મ છોડી નિત્ય વંદનારે, પ્રિતી વધજો સવાય સલુણા.

---

(૪૪) મુનીરાજ શ્રી, ખાંતિવિજય દાદા તેમજ
વીરવિજયજી મહારાજ પધારતાં બોલેલ
ગહુલી.

જિનવર દર્શન વીરલા પાવે.—એ રાગ.

ભાગ્યે મળ્યા મને અમૃત મેવા,
દર્શન પામીને શિવસુખ લેવા. ભાગ્યે મળ્યા૦ ટેક.
મ્હોટા તપસ્વિ મહાન મુનીશ્વર,
×× વીજય ગુણ કાર્ય છે કેવાં. ભાગ્યે મળ્યા૦ ૧
પાઠ અભ્યંતર અમે ખામીજે,
કર્મ ફંદા તજી શિવસુખ લેવા. ભાગ્યે મળ્યા૦ ૨
અમૃત સમ મુખ વાણી વિશાળી,
સુણો ધર્મ વિષે તન દેવા. ભાગ્યે મળ્યા૦ ૩

હોએ અનુપમ દિન દિવાળી,
તેથી અધિક છે હર્ષના મેવા. ભાગ્યે મળ્યા૦ ૪
કલ્પતરૂ સમ મહાન મુની જેના,
ગુરૂ પવિત્રની નિશદિન સેવા. ભાગ્યે મળ્યા૦ ૫
ભાગ્ય થયા અમ આજ અનૂપમ,
ક્યાંથી મળે અંહી તપસ્વિ એવા. ભાગ્યે મળ્યા૦ ૬
ધર્મ ઉપાશ્રય દુજા સુ સ્થાનો,
xx ની વાણીથી શોભીત કેવા. ભાગ્યે મળ્યા૦ ૭
પૂર્વ કર્મ માંહી ધર્મતણું બિંદુ,
અવર કેમ હોએ દિન એવા. ભાગ્યે મળ્યા૦ ૮
સંઘ શ્રધાવંત ધાર્મીક બંધુઓ,
દર્શન પામીને હર્ષિત કેવા, ભાગ્યે મળ્યા૦ ૯
મઢડા બાળ નમે નિત્ત પ્રેમે,
જયજય મુખથી આશિશ લેવા. ભાગ્યે મળ્યા. ૧૦

---

*(૪૫) મુનીરાજ ચાતુર્માસ પધારતાં બોલાએલ

ગહુલી-રાગ સવૈયા એકત્રીસા.

એક જણ બીજા ને પુછે છે.

શું સુંદર [1]દુર્ગાપુરી શોભે, દિસે કમળ ખીલેલ પ્રભાવ,
કાંકે ભુતળ અતિ ચળકતું, જન મન ઉર્મે હર્ષિતભાવ;
અતિ નવિન મન દીવ્ય તરંગો, પળપળ વિલસે અપરંપાર,
એવા ઉત્તમ શ્રેષ્ટ ચિહ્નથી, શું ઉપજાવ્યું છે કિરતાર.

---

[1] ગઢડા.

પ્રત્યુતર.

એ [1]અજરામર લલિત ચિહ્નનદ, શુભ કર્મજ ભોગવવા સાર,
વળી નહિ કોય કાળ બનેલો, એવો નવિન [2]બનાવ થનાર;
એવા ઉત્તમ ધર્મ ઉદયમાં, એ શુભ આગાહી છે ભાય,
દીસ છે અંહી આવેલા, જિનવર ભેખ તણા મુનિરાય.

પુછનારની શંકાનું નીવારણ અને ખુશાલી

હાહા આ અ[3]પવર્ગ જ્ઞાનને, [4]ધિવંતા મુનીરાજ જણાય,
એના મંગળ ચર્ણ કમળથી, જીનવર મંત્ર અધિક ભણાય;
ઉદય ભાગ્યનો થયો હવે મમ, સુણવા સુત્રો આક ઝમાળ,
નિર્મળ મુખની વાણી શ્રવણથી, ઘર ઘર થાશે મંગળમાળ.

સંપૂર્ણ.

અથ દર્શન વિધિ.

જિનેશ્વરના દર્શન કરવા સવાર, બપોર, અને સાંઝ એમ ત્રણ વખત આવતાં, રાજાઓએ રાજ્યચિહ્ન, અને બાકી બીજાએ હથિયાર, અને સ્વઉપયોગી સચીત દ્રવ્ય, છોડી આવવું. બારણામાં પ્રવેશ કરતાં, મન, વચન, અને કાયાએ ઘર વ્યાપાર દિકનો ત્યાગ કરવા રૂપ, એક (નિસિહી) કહેવી. પછી દેરાસર કાર્યમાં યથાશક્તિ ધ્યાન આપી, પુજા કરવી હોય તો, માહી, કામળી પહેરી, શુદ્ધ વસ્ત્ર પહેરવું, ઘર પાસે હોય તો, ત્યાં નાહી, પગ સાફ કરવા પાણી લાવવું સારૂં છે. દેરાસરજીમાં જતી

1 પરમેશ્વર. 2 અત્રે મુનીરાજ ચાતુર્માસ રહેવાનો પહેલોજ બનાવ હતો. 3 મોક્ષ. 4 બુદ્ધિવાળા.


દેરાસર વ્યાપાર ત્યાગરૂપ, બીજી "નિસ્સિહી" કહેવી. પછી મુળના ચૈત્યથી જમણી પાસે, ભવ ભ્રમણ ટાળી જ્ઞાન દર્શન ચારિત્ર આદરવા રૂપ, ત્રણ પ્રદક્ષિણા દેવી. પ્રથમ જિનરાજની પખાળ કરી, અંગલુંણુ કરી, ધૂપ પુજા કરવી * પછી વિલેપન કરવું. જિનરાજનો સ્પર્શ કરતાં આઠવડો મુખકોશ બાંધવો, કે પ્રભુ ઉપર દુર્ગંધી શ્વાસ જાય નહીં. કાગળ ઉપર પ્રતિમાજી હોય તો વાસક્ષેપથી, અને ધાતું કે આરસના હોય તો કેસરથી, પૂજા અનામિકા (ટચલી પાસેની આંગળી) થી કરવી. તે વખત બોલવાના દુહા પ્રસિદ્ધ છે.

નવ અંગે પૂજા કરી, સ્વચ્છ, અખંડ, તાજાં અને સાચાં ફુલોથી પ્રભુનું પૂર્ણ સ્વરૂપ વિચારતાં આંગી કરવી. ત્યારે કહેવાના સવૈયા.

વિવિધ જાતિનાં ફૂલ મેળવી, પુજા કરીએ વિવિધ પ્રકાર,
જાઇ જુઇ ગુલાબ મોગરો, ચંપો કેતકી છે શ્રીકાર;
ગુલદાવરી મરૂઓ ડમરો, બપોરિયો ચંપેલી સાર,
સેવંતરી અધિકી સુગંધી, જિન મંદિરમાં સુંદર બાર;
અનુપમ આંગી રચી પ્રભુની, શુદ્ધ મનેથી તારણહાર,
આપ કને માગે આ બાળક, તાર તાર સેવકને તાર.

પછી ચામર વગેરે પ્રાતિહાર્યથી પૂજા કરી, ગભારા બહાર આવી પુરૂષોએ જમણી બાજુએ, અને સ્ત્રીઓએ ડાબી બાજુએ, વધારેમાં વધારે સાઠ, અને ઓછામાં ઓછું નવ હાથ દૂર બેસવું. ઘરદેરાસરાદિકમાં અગ્યા હાથથી વધારે દૂર બેસવું. પછી શુદ્ધ, અખંડ, યથાશક્તિ ઉત્કૃષ્ટ ચોખા વતી, નીચે મુજબ

*ધૂપ, નૈવેદ, અને ફૂલ-પૂજા વખતે બોલવાનું બીજા ભાગ સુધી મુલતવી રાખ્યું છે.



સ્વસ્તિક કરવો. તેનાં ચાર પાંખાં તે મનુષ્ય, દેવ, તિર્યંચ અને નારકિ એમ ચાર ગતિ સમજી, ઉપરનાં ત્રણ બિંદુ તે રત્નરૂપ સમજી, તે જ્ઞાન, દર્શન, અને ચારિત્રથી ઉપરની અર્ધ ચંદ્રાકાર કૃતિ તે સિદ્ધ (મુક્તિ) સ્થાન સમજી, તે મળવા પ્રાર્થના કરવી. સ્વસ્તિક કરતાં નિચેના દોહરા કહેવા.

જિનવર આગે નિરાદિને, અક્ષત લાવી અખંડ;
માગુ અક્ષત મુક્તિ સુખ, થાકિ અટવી પ્રચંડ. ૧
સ્વસ્તિક ચિહ્ન પ્રથમ કરી, ગતી સમજતાં ચાર;
પ્રિચ્છું પ્રભુજી આગળે, તાર તાર ભવ તાર. ૨
ઉભય કરી ત્રણ રત્નથી, દરશન સંજમ જ્ઞાન;
રત્ન દાયકી જિનપણુ, મુચ્છે મુક્ત સિદ્ધસ્થાન. ૩
શુદ્ધ તંદુલે સેવતાં, સિદ્ધે સરવે કાજ;
નિરમળ ચિત્ત કરી તુને, નિત્ય નમું જિનરાજ. ૪

પછી નિવેદ અને ફળથી અગ્રપૂજા કરવા બાદ ત્રીજીવાર “નિસિહી” કહેવી. પછી નોકારવાળી લઇ, ધુપ કરી, નોકાર મહામંત્રનું સ્મરણ કરવું. નોકારવાળી અંગુઠાપર રાખી તર્જની આંગળીએ ગણવી, તે યાવત મોક્ષપ્રાપ્તિનું સાધન છે.

ચૈતવંદન ત્રણ રીતે થાય છે, તેમાં જેનો પ્રચાર છે તે નીચે દાખલ કરેલ છે.

અથ ચૈતવંદન વિધિ.

પ્રથમ ખમાસણ લઇ, બેસી ડાબો ઢિંચણ ઉંચો રાખી, “ઇચ્છા કારેણ સંદિસહ ભગવન ચૈતવંદન કરું” “ઇચ્છં” ક-

ચીને જંકિંચિ કહેવું. જંકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ, જાઈં જિણ બિંબાઇં, તાઈં સવ્વાઇં વંદામિ.

(પછી પંચાગ પ્રણામ કરી, બન્ને ઢિંચણ ભૂમીએ લગાડી, બંન્ને હાથે જોગમુદ્રા કરી, "નમુથ્થુણં" કહેવું.

નમુથ્થુણં અરિહંતાણં, ભગવંતાણં. આઇગરાણં, તિથ્થયરાણં, સયં સંબુદ્ધાણં, પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવર પુંડરીઆણં, પુરિસવર ગંધ હથ્થીણં, લોગુત્તમાણં, લોગ નાહાણં, લોગહિઆણં, લોગપઇવાણં, લોગ પજ્જોઅગરાણં, અભય દયાણં, ચખ્ખુદયાણં, મગ્ગદયાણં સરણદયાણં, બોહિદયાણં, ધમ્મદયાણં, ધમ્મદેસિયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવર ચાઉરંત, ચક્કવટ્ટીણં, અપ્પડિહય વરનાણ, દંસણ ધરાણં, વિઅટ્ટ છઉમાણં, જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં, બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં, સવ્વન્નુણં, સવ્વદરિસિણં, સિવ મયલ મરૂઅ મણંત મખ્ખય મવ્વાબાહ મપુણરા વિત્તિ, સિદ્ધિ ગઇ નામધેયં, ઠાણં સંપત્તાણં, નમો જિણાણં, "જિઅભયાણં, જેઅઅઇઆ સિદ્ધા, જેઅભવિ સ્સંતિણાગએ કાલે, સંપઇઅ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ."

જાવંતિ ચેઇઆઇ ઉઢ્ઢે અ અહે અ તિરિઅ લોએ અ, સવ્વાઇં તાઇં વંદે, ઇહ સંતો તથ્થ સંતાઇં (ખમાસમણ દઇ) જાવંત કેવિસાહૂ ભરહેર વય મહાવિદેહે અ, સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડ વિરયાણં.

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યઃ

☞ અહીં સ્તવન કહેવું જે આગળ છે. પછી મોતી ભરેલી સંપુટને આકારે ઉભય હસ્ત જોડી પુરૂષો કપાળે લગાડીને અને સ્ત્રીઓએ નેત્ર વચ્ચે રાખીને જયવીયરાય કહેવા.

જયવીયરાય જગગુરુ, હોઉમમં તુહ પભાવઓ ભયવં, ભવ નિવ્વેઓ મગ્ગા, ણુ સારિઆ ઇઠ ફલ સિદ્ધી. લોગ વિરુદ્ધ ચ્ચાઓ, ગુરુ જણ પૂઆ પરત્થ કરણં ચ; સુહગુરુ જોગો તવ્વયણ સેવણા આભવ મખંડા. (બંને હાથ નિચા મુખ સુધી લાવીને) વારિજ્જઇ જઇવિનિઆ; ણ બંધણં વીયરાગ તુહ સમએ, તહવિ મમહુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં. દુક્ખ ખઓ કમ્મ ખઓ, સમાહિ મરણં ચ બોહિલાભો અ, સંપજ્જઉ મહ એઅં, તુહનાહ પણામ કરણેણં. સર્વ મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણ કારણં, પ્રધાનં સર્વ ધર્માણાં, જૈનં જયતિ શાસનં. (પછી ઉભા થઈ પગથી જિનમુદ્રા કરી જોગ મુદ્રાએ હાથ જોડી અરિહંત ચેઇઆણં કહેવું)

અરિહંત ચેઇઆણં કરેમિ કાઉસ્સગ્ગં, વંદણ વત્તિઆએ પૂઅણ વત્તિઆએ, સક્કાર વત્તિઆએ, સમ્માણ વત્તિઆએ, બોહિલાભ વત્તિઆએ, નિરુવસગ્ગ વત્તિઆએ સદ્ધાએ મેહાએ ધીઇએ ધારણાએ અણુપ્પેહાએ વદ્ધમાણીએ ઠામિ કાઉસ્સગ્ગં.

અન્નત્થ ઉસસિએણં નીસસિએણં ખાસિએણં છીએણં જંભાઇએણં ઉડ્ડુએણં વાયનિસગ્ગેણં ભમલિએ પિતમુચ્છાએ, સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલ સંચાલેહિં, સુહુ મેહિં દિઠ્ઠિ સંચાલેહિં, એવ માઈ એહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ હુજ્જમેકાઉસ્સગ્ગો જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં નપારેમિ, તાવકાયં ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ.

(પછી બે હાથ નીચા રાખી એક નોકાર ગણી પારી જોગ મુદ્રાએ હાથ જોડી "નમોઽર્હત" કહી થોય કહેવી.

સંપૂર્ણ.

અથ ગુરૂવંદન વિધિ.

(પ્રથમ ગુરૂ પાસે સ્વસ્તિક કર્યા પછી બે ખમાસમણા ઇચ્છામી ખમાસમણ પૂર્વક દઇને ઉભા રહી બે હાથ જોડી) ઇચ્છાકારિ સુહરાઇ સુહદેવસી સુખ તપ શરીર નિરાબાધ, સુખ સંજમ યાત્રા નિર્વહોછોજી સ્વામી શાતા છેજી ભાત પાણીનો લાભ દેજ્યોજી (પછી અભ્ભુટ્ઠિઓ કહેવો.—ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ અભ્ભુટ્ઠિઓમિ, અભ્ભિંતર દેવસિઅં ખામેઉં, ઇચ્છં (એટલું ઉભા રહીને કહેવું. પછી ઇચ્છામી ખમાસમણ પૂર્વક નિચે નમી જમણો હાથ તથા માથું નીચે ને બીજો હાથ મુખ પાસે રાખી કહેવું) ખામેમિ દેવસિઅં, જંકિંચિ અપત્તિઅં, પરપત્તિઅં ભત્તેપાણે વિણએ વેઆવચ્ચે, આલાવે સંલાવે ઉચ્ચાસણે, સમાસણે અંતરભાસાએ, ઉવરિભાસાએ જંકિંચિ મઝ વિણય પરિહીણં સુહુમં વા બાયરં વા, તુબ્ભે જાણહ અહંન યાણામિ તસ્સ મિચ્છામિ દુક્કડં (આ પાઠમાં જ્યાં દેવસિ આવ્યું હોય ત્યાં બપોરના બારથી રાત્રીના બાર સુધી 'રાયો' કહેવાય છે.

આત્મહિત શિક્ષણ—બોધ વચન.

અરે આત્મા! તું નિર્મળ સ્ફટિક રત્ન સરખો છે; પરંતુ કર્મરૂપ ઉપાધિએ ભારે થઇ, ધર્મ રહિત કર્મફંદમાં ફસાઇ, મહાન કષ્ટ ભોગવવાને સાધનભુત થઇ પડ્યો છે.

એ આત્મા! પ્રથમતો તું જ્ઞાન દર્શન અને ચારિત્રમય હતો. વળી પ્રથમથી અને નિરંતર તું અનાદિ, અનક્ષી, અચળ, અકળ, અમળ, અનન્ય, અરૂપી, અકરમા, અબંધક, અનુદય, અનુદરક, અપોગી, અભોગી, અવેદી, અછેદી, અખેદી, અકસાય, અસખાય, અલેષી, અશરીરી, અભ્યારી, અણાહારી, અવ્યાબાધ અલઘુગુરૂ, અપરિનામી, અનાદિ, અયોગી, અપ્રાણી, અસંસારી,

અમર, અપર, અપરંપર, અનાશ્રિત, અકંપ, અવિરૂધ, અલખ, અશોક, અસંગી, અનાકાર, લોકાલોકજ્ઞાપક, એવા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છો. સંસાર સંબંધ ઉપાધિયુક્ત છે, છતાં સ્વજન વ્યવહારરૂપ સ્વપ્નોમય તેજથી ઢંકાઇને, અનાદિ અરિહંતને કેમ વિસારી દે છે ? અનેકાનેક દુષ્ટ આચરણોથી વળગી રહી " દયા ધર્મકા મુલહૈ " આ વાક્ય કેમ વિસારી નાખે છે? આ દેહ કે જેને સડવાનો કે પડવાનો ભય છે, તેને તારો ગણી જગતનામાં તારૂં સરણું સાર્થક કેમ ભુલે છે? અરે દુષ્ટાત્મા! જરા નજર તો ફેંક, અનેક ભવાંતર માંહે વિવિધ કોમ, ભય, અને જુદારૂપમાં, ભટકીને કોઇ મહાન કર્મોદયના યોગે, આ મનુષ્યજન્મ પામ્યો. તેમાં વળી આર્ય દેશ, ઉતમવર્ણ. અને ચિંતામણી રત્નમય જિનેશ્વરનું ચર્ણકમળ પામ્યો, છતાં વૃથા કેમ બેશી રહ્યો છે. જરા વિચાર કે ગયો વખત ફરી ફરીને આવશે. ? દરેક ફરી મળે પણ દસ દૃષ્ટાંતે દોહેલો આ મનુષ્યજન્મ, અને જૈન ધર્મ, મળવો અસંભાવિત છે.

અરેરે ! અજ્ઞાન થઈ ગયેલા જીવાત્મા! તું પૂર્વ ભવનું ભોગવે છે, પણ તે કયાં સુધી ! કેમકે નવાં શુભ કર્મ તો સુઝતાં નથી, ધિક્કાર છે આનંતવાર ! કે પૂર્વ પાપાચરણથી ચારિત્ર બુદ્ધિ તો ન સુઝી, પણ શ્રાવકનાં બાર વ્રત અગર યથા યોગ્ય ધર્મ કાર્યમાં પ્રમાદ કરીને પડયો શું રહે છે? તું કરીશ તેજ તારો સાથી છે. કહ્યું છે કે:-

દ્રવ્ય પડયું રહેશે, ઘરબાર ત્યાંજ રહેશે, સ્ત્રીઓ બારણા સુધી, કુટુંબીઓ સ્મશાન સુધી અને સ્થુળ દેહ તે ચિતા સુધીના સાથી છે. અંતે તો " હાથનું કર્યુ હૈયે વાગશે " ધન્ય છે મુનિશ્વરોને કે જેણે કુટુંબ, કબીલા, મા, બાપ, ભાઇ, બેન, સ્ત્રી, સુત, પુત્રી, મિત્ર, પરિવાર, રિદ્ધિ, સ્વજન ત

મૃહ, વ્યાપાર, ગૃહસ્થપણું, કામ, ક્રોધ, મોહ, મદ, ઇર્ષા અને એકંદરે પોતાની પચેંદ્રિયનો પરાજય કર્યો છે, અને ફક્ત અરિહંતના ચરણ સેવક બની તપશ્ચર્યાથી પોતાનો દેહ પણ ક્ષીણ કરી નાખે છે. લોભાદિકને વશ કરી જીવહિંસા, મૃષાવાદ, સ્ત્રી, અદત્તાદાન, દ્રવ્ય, અને રાત્રિભોજનનો સર્વથા ત્યાગ કર્યો છે. પૃથ્વી કાય, અપકાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, અને ત્રસકાય આદિ જીવોના રક્ષક બની ક્ષમાદિક ગુણોથી કંદર્પ પણ વશ કરી, આર્તધ્યાન, અને રોદ્રધ્યાન, છાંડયાં છે. અને ધર્મધ્યાન તથા શુક્લધ્યાન આદર્યાં છે. આહાહા? આવા અનેક ગુણો કિર્તનાથી ગાજી રહેલા મુનીશ્વરોના પવિત્ર મુખકમળ નિહાળવાને ઉત્સુક કેમ થતો નથી ?

અરે અસંતોષિ કંગાળ મન! તું વૃદ્ધાવસ્થા સુધી ધર્મમાં સુસ્ત રહેવા કેમ સુચવે છે? શી ખાત્રી કે વૃદ્ધ થઈશ? કદાચ તેમ પણ બને તો ત્યારે ધર્મકાર્ય કરવા શક્તિ હોવાની ખાત્રી શું? આ કમાણીનો શો ઉપયોગ થશે? તે તું જાણે છે? આશા અમર છે, તે કદિ ધરડી થવાની નથી.

ઈંદ્રિવિજય.

રાંક કહે કદિ લોટ મળે તવ, આગળ વાત કદાચ ન બોલું;
તોપણ જો દસ સાંપડશે, શત રૂપકનું નિત્ત આવતું ઓલું;
જો દસ લાખ હજાર અને કદિ, પૂર્વ અપૂર્વ પરાર્ધ વધેલું;
તોપણ તૃપ્તિ વિના નર दाम વિષે જિવ [1]सूतળ તૂલક થેલું.

અરે ક્ષણિક સંસાર લુબ્ધ આત્મા! જ્યાં સુધી તને અરિહંતનું સુક્ષ્મ જ્ઞાન થયુ નથી, ત્યાંસુધી તું ચોરાશી લાખના ફેરામાં રખડીશ, એમ જાણવા છતાં સુખમાં મગન બની, દિર્ઘ વિચાર કેમ કરતો નથી ?

---

1 ત્રીજું પાતાળ.

આ સંસાર સમુદ્ર અસાર, જન્મ, જરા, મરણુ, વિયોગ, રોગ, શોક, દુઃખ, દારિદ્ર, પરાભવ, સંકટ, ભય, રતિ, અરતિ, આદિ અનેક દુઃખોથી ભરપૂર વીજળી માફક ક્ષણિક છે. એવા ભયંકર ખડકમય વિકાળ સમુદ્રમાં તણાઇને, ભયંકર મોજાંમાં સપડાય છે, છતાં પાસે ઉભેલી ધર્મનાવ ઝાલી લેવાને કેમ શક્તિવાન થતો નથી!

તારા કામમાં થતા લાભના સાૈ ભાગીયા થશે, પણ થતી ખોટ (પાપકર્મ) ના કોઇ ભાગીયો થશે નહિ. જો તું દરિદ્રી, દુખી, માંદો બાળક, અશક્ત, કમઅક્કલ, આદિ દુર્ગુણોથી સપડાઇશ તો કોઇ પૂછશે પણ નહિ. ફક્ત કમાનાર હોઇશ તોજ હાય અફસોસ કરશે. તો સુકૃતથી પૂર્વનું ભોગવવા સાથે ભવિષ્યનો વિચાર તો કર! ઇંદ્ર પણ મનુષ્ય થવાની લાલસા કરે છે, કેમકે મનુષ્ય વિના મોક્ષ નથી. વિચાર કે–દેવતા વિષયસુખમાં મગ્ન છે, નારકી વિવિધ દુઃખયુક્ત છે, તીરયંચ વિવેકરહીત છે; પણ ફક્ત મનુષ્ય ધર્મમય છે. તો હાથ લાગેલી બાજી ઊંધી કેમ વાળે છે? અવીરતિ, કખાય, મીથાત્વ અને અનુયોગ્ય એ ચાર તારા સાથીને દૂર કર, આત્મહિતનો અવસર હવે હાથ લાગ્યો છે. કેમકે–એકેંદ્રી કે જેમાં અપર, તેજ, વાયુ, અને વનસ્પતિ છે. વળી તેના સુક્ષ્મ, બાદર અને તેના પણ ઘણા ભેદ છે. તેમજ બેંદ્રી, તેંદ્રી, ચારેંદ્રી આદિમાં અલ્પેંદ્રીને લીધે ધર્મ ધ્યાન ક્યાંથી હોય? વળી પંચેદ્રીમાં પણ આર્યદેશ અને તેમાં પણ યવન નિચકુળથી વિરક્તપણું પામ્યો તેમજ ઉત્તમ કુળમાં પણ અનેક રોગથી બચવા પામ્યો ને દયાધર્મ મેળવ્યો ત્યારે પછી આવા આવા સંજોગો વચ્ચે સુસ્ત કેમ પડયોછો

અરે આત્મા! યથાશક્તિ સર્વ કસાયને ત્યજી કરી દયા, દાન, દેવપૂજા, તિર્થયાત્રા, ગુરૂસેવા, તપ, વ્રત, પચ્ચખ્ખાણ, ધર્મધ્યાન, સ્વામિભાઇઓની સેવા, આદિ ધર્મસેવા આદરવા તત્પર થા! અરે! તત્પર થા!!

અરે; પણ આ સઘળા માટે જ્ઞાનની જરૂર છે, પશુઓ પણ કાંઈક જ્ઞાન ધરાવે છે, ત્યારે મનુષ્ય તો જ્ઞાન વિનાના નાકા વિનાની સોયના જેવા છે. માટે હે ક્ષુદ્ર પ્રાણી ! બુદ્ધિ કેળવવાની બુદ્ધિ લાવ!!! અને જ્ઞાનભક્તિ કર! અરે આત્મા! વધારે શું કહું, સમજ તો આટલુંજ ઘણું છે.

આત્મબોધ અર્થે લખ્યું છે. ઇતિ.

વાંચો ! ધર્માદા અર્થે કાઢેલા પૈસા ખરચવાનું સ્થળ. વાંચો.

ગઢડા દેરાસરનું વર્ણન.

આ ગામ ભાવનગરનો મહાલ. અને ગુજરાતમાંથી શત્રુંજય જતાં ટુંકો, અને સુલભ માર્ગ, તથા શ્રાવકના સમૂહવાળું સ્થળ છે. અંહીનું વર્ણન પ્રથમ હેંડબીલદ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે, જે સર્વના વાંચવામાં આવ્યું હશે.

અત્રેના દેરાસરને ઊંચી પાયરીએ લાવવાની ખાસ જરૂર છે ફક્ત છેલ્લા બે વર્ષમાં જ, દાદા ખાંતિવિજયજી, મુનીરાજ વીરવિજયજી, મુની ધર્મવિજયજી, મુની ઉદ્યોતવિજયજી, તથા મુની દાન વિજયજી, આદિ મહાત્મા શ્રીમદ્ સાધુ મુનીરાજો, સાધવીજી તથા વ્રતધારી શ્રાવકના મળી, ૧૦૬ થાણા વિચાર્યાં છે. ગયું ચાતુર્માસ અત્રે મુની મહારાજ શ્રી વૃદ્ધિચંદજીના શિષ્ય મુની ધર્મવિજયજીની આજ્ઞાનુંસાર તેમના શિષ્ય મુની હિતવિજયજી રહેલા, ઉપરની બીનાજ અંહી દેરાસરમહોટા પાયા ઉપર હોવાની અગત્યતા દર્શાવે છે. અત્રે દેરાસર તથા ઉપાશ્રય કરતાં, અને જગા લેતાં, સાતેક હજાર રૂપિયા ખર્ચ થવા સંભવ છે. દેરાસરની ટીપમાં નિચે મુજબ રકમ ભરાએલ છે. ૫૧૪ શેઠ મનસુખભાઇ ભગુભાઇ અમદાવાદ, ૨૦૦ મહુવા દેરાસરજી તરફથી, ૧૨૫ શેઠ ધરમચંદ ઉદેચંદ સુરત, ૧૦૦ શા. ડોસાભાઇ અભયચંદ ભાવનગર દેરા-

સરજીની દુકાન તરફથી, ૧૦૦ શા. મલુકચંદ સોભાગચંદ અમદાવાદ. ઉપરની મોટી રકમો અને બીજી ભાવનગર અમદાવાદ, વડોદરા, ગોઘા, લીંબડી, વઢવાણ, શીહોર, સુરત, રાંદેર, દેગામ, ટાટમ, ઉગામેડી, અને સાણંદ આસપાસના ગામોના મળી રૂા. ૨૮૦૦, અને અંહીની પેદાશના રૂા. ૪૫૦, એ રીતે ઉપજ છે. જેમાંથી લગભગ રૂા. ૧૫૦૦ દેરાસરની જમીન, તથા રિપેરીંગ ખર્ચ વગેરેમાં થએલ છે. બાકી સીલકમાં, રૂા. ૫૧૪ શેઠ મનસુખભાઇ ભગુભાઇની દુકાને, લગભગ રૂા. ૫૦૦ શા. ડોસાભાઈ અભયચંદની દુકાને અને બાકી અંહી સ્ટોર ઉપર છે.

વરઘોડા આદિ પ્રસંગે જોઇતા સરંજામમાં, પાલખી, તથા ચામ્મર, એક ગોઘાથી, અને ચમ્મર એક ભાવનગરથી મળેલ છે. બાકી ઈંદ્રધ્વજ, છડી, ઘોડા, વગેરેની જરૂર છે.

અઠ્ઠાઇધરના પારણા માટે, રૂા. ૪૦૦ ઉગામેડીવાળાશા વેલશી કમા તરફથી, તેના વ્યાજમાં કાયમ પારણાં થવા આપવા ગોઠવણ થઇ છે. વરસગાંઠનું પારણું હજી સુધી સંઘ તરફથી થાય છે. આવા જૂજ ખર્ચથી " યાવત્ ચંદ્ર દિવાકરૌ " અમર થવાનું ઉત્તમ પગલું ભરવા કોણ ઉત્સુક નહિ હોય ? એક વખતના પારણાનું ખર્ચ રૂા. ૨૫ સુધી થાય છે.

દેરાસર થયું ત્યારથી આયંબીલની ઓળી એકત્ર જમાડાય છે, તેના બંને વખતના દિવસ ૧૮ માંથી દિ. ૪ શેઠ લક્ષ્મિચંદ હંસરાજ ભાવનગર, દિ. ૨ શા. ઉકા હીરાભાઇ ભાવનગર, દિ. ૨ બાઇ મુળી, તે દયાચંદ મલુકચંદનાં પુત્રી સુરત, દિ. ૨ શા. સોભાગચંદ કપુરચંદ જામનગર, દિ. ૨ ઝવેરી અભેચંદ મુળચંદ સુરત, દિ. ૨ જીવણ જેચંદ ગોઘા, આવી રીતે દિવસ ૧૪ નું ખર્ચ ભાગ્યશાળી ધર્માત્મા તરફથી, મુનીરાજ શ્રી ગંભીરવિજયજી, અને મુનીરાજ શ્રી લક્ષ્મિવિજયજી વગેરેના કૃપાળુ પ્રયાસથી, કાયમ આપવા ગોઠવણ થઇ છે, અને કેટલાક તરફથી

તો રૂ. સો તેના વ્યાજમાં ખર્ચ થવા મુકાયા છે. આ સિવાય છુટા દિ. ૨ ગામદાર ફુલચંદભાઇ, દિ. ૮ બાઇ ઉજમબાઇ; તથા દિ. ૨ બાઇ જમનાબાઇ, શ્રી ગોઘાવાળાં તરફથી અપાયાં છે. દિવસ ૧ નું ખર્ચ વધારેમાં વધારે રૂ. પાંચ છે. આવી રીતે ધર્માત્મા જૈનભાઇઓ તરફથી મદદો મળી છે, ખુટતી મદદ માટે લક્ષમાં લઇ ગ્રહસ્થ બન્ધુઓ પોતાનો સખીહાથ લંબાવી, "ઓ-ચ્છિ ખર્ચે અતિ લાભ" લેશે. ધર્મિષ્ઠ ભાઇઓ! 'કાંકરે કાંકરે પાળ બંધાય અને ટીપે ટીપે સરોવર ભરાય' આ કહેવત યાદ રાખી, સાત ક્ષેત્રે કાઢેલ કે અવસાન વખતે કાઢેલ પૈસો, અને સુમાર્ગે કમાણીમાંથી ધર્માદા હિસ્સો કાઢેલ હોય તેમાંથી, યોગ્ય મદદ મોકલી, તિર્થંકરગોત્ર બાંધવા ભાગ્યશાળી થાઓ. મોકલ-નાર ભાઇઓએ શ્રી ભાવનગર શા. ડોસાભાઈ અભયચંદની દેરા-સરજીની દુકાને, શ્રી ગઢડા દેરાસરખાતે જમા થવા મોકલવું.

શાર્દુલ વક્રિડિત.

जैनमंदिरमादरेणकुरुते द्रव्यानुसारेणयः ।
तीर्थंद्वारवमिष्टकादिर चितंहर्षोल्लसन्मानसः ॥
चंचन्कांचनभित्तिमन्मणिमयस्तंभाभिराममहृ ।
दीव्यश्रीकुलसंकुलंसलभतेकल्पांत्रिमानोतमं ॥

હર્ષથી ઉલ્હાસીત માણસ, દ્રવ્યને અનુસરી, આદરેસહિત દેદિપ્યમાન, સોનાને મણીમયકે ભીંતો અને સ્થંભ સહિત દેરા-સર કરાવનાર, દ્રવ્યવાળું કુળ મેળવે છે, અને ઉત્તમ જે દેવ-લોક તે પ્રાપ્ત થાય છે. ત્યારે આ સ્થળે તો દેરાસર કરાવવું અને જીર્ણોદ્ધાર, આંમ બે કાર્ય ને વળી જૂજ ખર્ચે થાય છે તો ભાઇઓ! આત્માનું કલ્યાણ કરો અને તમારૂં દિપાવો! ; સુજ્ઞેષુ કિં બહુના!

અગાઉથી ગ્રાહક થઇ ઉત્તેજન આપનાર ગ્રાહકોના મુબારક નામોની યાદી.

અમદાવાદ.

શેઠ મનસુખભાઈ ભગુભાઇ.
૧૦ શ્રી મોહનલાલજી જૈન પાઠ શાળા હા. ઝવેરી મોહનલાલ ડાહ્યાભાઇ.
૨ ઝવેરી કાળીદાસ અમીચંદ.
૧ ઝવેરી. ભોળાભાઇ બાપાલાલ
૧ ઝવેરી પરશોતમદાસ ગોકળદાસ
૧ ઝવેરી. નેમચંદ અમીચંદ

માંગરોળ

૧૦૬ ન્યાયાંભોનિધિ મુનીરાજ. શ્રી આત્મારામજી જૈન પાઠશાળા
૭ સાધવીજી સોભાગશ્રીજી મહારાજ

ભાવનગર

૧૦ શેઠ લક્ષ્મિચંદ હંસરાજ.
૫ ભાવનગર મેડીકલહોલવાળી અમીચંદ ડાહ્યાભાઈ

મહુવા

૮ વાસા પોપટ દયાળ
૬ દોશી દુર્લભ લક્ષ્મિચંદ
૫ શા. મહાસુખ પરમાનંદદાસ એ. સે. જે. બા.
૫ શા. ગોપાળજી ગુલાબચંદ
૫ શેઠ દુર્લભદાસ જીવન
૫ શા. ભાગજી ઝવેરચંદ
૫ પારી. દુર્લભ કલ્યાણ
૩ શા. પરમાણંદ અભેચંદ
૩ શા. સુંદરજી જીવન
૨ શા. કપુરચંદ ઝવેરચંદ
૧ પારી. ધરમશી હરજી

કુંડલા

૫ શેઠ રાઘવજી હીરા
૧૦ દોશી ગુલાબચંદ કાળીદાસ
૧૦ દોશી વનમાળી દામજી મારફત
૫ દોશી લક્ષ્મિદાસ રવજી
૨ શેઠ મણીલાલ બહેચર
૧ શા. કપુરચંદ કાળીદાસ
૧ દોશી નથુ તેજપાળ
૨ મહેતા દામજી ભીમજી, ધાર ગણીવાળા

અમરેલી

૨ કોરડીયા હીરાચંદ ત્રીકમજી
૧ કોરડીયા વશરામ મકન
૧ સંઘવી ઓઘા બહેચર
૧ મહેતા મુળચંદ વચ્છરાજ
૧ મહેતા નરશી સવજી
૧ મહેતા શામજી ત્રીભોવન
૧ મહેતા નરભેરામ પ્રાણજીવન
૧ મહેતા છબીલદાસ કરશન

૧ શા. પરશુરામ કાળાભાઈ
૧ શા. ન્યાલચંદ વસ્તા
૧ મહેતા વીરચંદ હેમચંદ
૨ વ્હોરા ડુંગરશી કેશવજી.

પાલીતાણા.

૧ ઝવેરી શામજી મોતીચંદ
૫ મોદી જસરાજ ખોડા
૨ શંઘવી જગજીવન ભવાન
૧ ઝવેરી ખેલા ભાઈચંદ
૧ શા. નાનચંદ હીરાચંદ
૧ શેઠ લાલચંદ હીરજી
૧ મહેતા દામજી પીતામ્બર
૧ શા. ગોપાળજી કાળા
૧ મહેતા તારાચંદ ત્રીભોવન
૧ મેહેતા ભાઇચંદ લક્ષ્મિચંદ
૧ શા. ગીગા દેવચંદ
૧ મહેતા ધરમશી પીતામ્બર
૧ શેઠ હીરાચંદ રઘા
૧ શેઠ ત્રીભોવન રાઘવજી
૧ દોશી અમરચંદ સુંદરજી
૧ શા. છગન હાથા
૧ ઝવેરી હીરાચંદ તારાચંદ
૧ શા. પ્રેમચંદ કાળા.
૧ કોરડીયા તારાચંદ શામજી
૧ ગાંધી હાવા કલ્યાણજી
૧ પુનસેટર લલુભાઈ મોતીચંદ
૧ શેઠ હીરાચંદ સુંદરજી
૧ શાંઘવી રાયચંદ ગોવીંદજી
૧ શાંઘવી કાનજી બહેચર

૧ શા. રતનજી જેઠા
૧ મણીયાર દુર્લભજી ભીખા
૧ શા. દામજી લાલચંદ
૧ ગાંધી પ્રાગજી તેજપાળ
૧ ઝવેરી જેઠા ભાણા
૧ શા. ઉકા કાળા
૧ શેઠ દીપચંદ બહેચર વરસવાળા
૧ ગાંધી રામજી વીરા

મુંબઇ.

૧૦ શેઠ પ્રેમચંદ રાયચંદ
૨ શા. હંસરાજ રતનશી

કવેટા (બલુચિસ્થાન.)

૨ મહેતા મોહનલાલ શાંઘજી
હા. શા. મોહનલાલ અમરચંદ

ગઢડા.

૧ બગડીયા કલ્યાણજી ડુંગરસી
જૈન. શા. માસ્તર
૧ શેઠ હીરાચંદ બાલુ
૧ શા. પ્રેમચંદ લક્ષ્મિચંદ
૧ શા. કાળુભાઈ નથુભાઈ
મ્યુનિસિપાલ. સેક્રેટરી
૧ શા. મોહનલાલ નાગર
૧ શા. મોહનલાલ અમરચંદ
૧ બગડીયા હરખચંદ નાગરદાસ
૧ શાધારશી વીરજી.
૧ શેઠ દામજી રતનશી
૧ વૈદરાજ પ્રભાશંકર જેશંકર
૧ શા. બહેચર ભાયચંદ હાળા
યા નાગા.

બોરૂડકા.

૧ દેશાઈ ભુરા પાનાચંદ
૧ દેશાઈ ગોકળ ભાઈચંદ
૧ દેશાઈ નારણ હીરાચંદ
૧ દેશાઈ ધનજી થોભણજી
૧ દેશાઈ બહેચર શામજી

રાજપીપળા.

૧ શા. ભગવાન લવજી
૧ શા. પીતામ્બર વીરા. હા. તારાચંદ
૧ શા. ગાંડા હીરા
૧ શા. હરીચંદ ભાઈચંદ
૧ શા. દેવચંદ નાનજી
૧ શા. ન્યાલચંદ અમર

ટાટમ.

૨ શા. કસ્તુર માધવજી
૨ શા. રાયચંદ ભાઈચંદ
૧ શા. જસરાજ સોમચંદ
૧ શા. ભુરા કેશવજી ભીમડાદ

મેસાણા.

૫ શ્રીમદ યશોવિજયજી જૈનપાઠશાળા હા. શા. વેણીચંદ સુરચંદ

ગાધકડા.

૧ મહેતા આણંદજી અમરશી
૧ દોશી પ્રેમચંદ ત્રીભોવન
૧ શા. પાનાચંદ વચ્છરાજ
૧ મહેતા રાયચંદ લવજી
૧ શેઠ વેલચંદ લવજી
૧ શેઠ હેમચંદ ડાહ્યા
૧ દોશી હરીચંદ પોલા
૧ શા. કેશવજી મગન
૧ શા. પ્રેમચંદ ભુરા
૧ દોશી સુંદરજી કુરજી
૧ દોશી ઠાકરશી ઝીણા
૧ દોશી દેવચંદ જેરાજ

દાઠા.

૧ સ્લોત રામચંદ ગુલાબચંદ
૨ જૈન પાઠશાળા હા. સ્લોત દલીચંદ તારાચંદ
૧ સ્લોત ગોવરધન ઝવેરચંદ
૧ દોશી મુળચંદ માલજી
૧ દોશી રગનાથ થોભણજી
૧ મણીયાર ત્રીભોવન છગન
૧ શા. બાવાલાલ કેશવજી
૧ શા. બાવાલાલ અમરશી
૧ શા. કચરચંદ હંસરાજ

ખેડા.

૧ ભાવસાર હરગોવીંદ ગબલ
૧ જૈન સ્થાનક વાસી
૧ બા૦ નારણ ત્રીભોવન
૧ બા૦ ત્રીભોવન બાપુજી
૧ બા૦ ગણપત હરગોવીંદ
૧ બા૦ ભીખાભાઈ મનસુખ
૧ શેઠ સોમચંદ પાનાચંદ
૧ શા. સુરચંદ પરશોતમ

૧ શા. મણીલાલ પરશોતમ
૧ શા. મણીલાલ નાથા
૧ શા. વાડીલાલ નથુ.

કચ્છ અંજાર.

૧૦ શંઘવી ભીમજી જેઠાજી.

ચરખા.

૧ દોશી બહેચર નેણશી
૧ દોશી અમીચંદ નેણશી
૧ દોશી માણેકચંદ વશરામ
૧ મહેતાજી માધવજી મોનજી
૧ શા. જેચંદ દામજી

ઝીંઝુવાડા.

૧ વ્હોરા મોહનલાલ ગુલાબચંદ
૧ શા. ઝવેરચંદ પ્રેમચંદ
૧ ખાનશ્રી બાલેખાનજી અલીખાનજી

રંઘોળા.

૪ શા. આણંદજી સુંદરજી
૪ માસ્તર બાઘશંકર અજરામર

બીતળ.

૧ જૈનજ્ઞાન લાયબ્રેરી
૧ શા. કપુરચંદ ઝવેરચંદ
૧ શા. જગજીવન ગોવીંદજી

જુનાસાવર.

૧ શા. ફુલચંદ કડવા. હા. મર શો મોતીબાઇ

પેથાપુર.

૨ શા. મોહનલાલ છગન
૧ મહેતા કેશવલાલ હરીસંગ
૧ મહેતા સકરચંદ કાળીદાસ
૧ પરીખ ગલાબાઇ માણેકચંદ
૧ પરીખ ગોવરધન ગુલાબચંદ

રોહીશાળા.

૧ સોની નરસિંહ કાનજી
૧ સોની ડાહ્યા વશરામ
૧ શેઠ કાનજી આંબા
૧ સોની નાનચંદ જીવણ

આંબા

૧ મહેતા હરજીવન રાઘવજી
૧ શા. લાલચંદ જીવન
૧ મહેતા ઝવેર લક્ષ્મીચંદ

જેતપુર.

૨ શા. તળશી ફુરચંદ મુળજી
૧ વંચળી જૈન વિદ્યાશાળા.

ઉના.

૧ શા. ખુશાલ જેઠા
૧ દોશી નાનજી હેમચંદ

(શ્રી જૈન ભક્તિદર્શક સ્તવનો વધારો.)

શ્રી તિર્થંકર સબંધ દર્શક છત્રીશી, અને ભવિષ્ય તિર્થંકરના નામ વગેરે બાબતનો કોઠો.

તૈયાર કરનાર D. L. શેઠ.

નંબર.	તિર્થંકરનું નામ.	તેમના માતાનું નામ.	પિતાનું નામ.	લચ્છન.	[illegible]	ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળ નક્ષત્ર.	જન્મ-રાશી.	ચ્યવન-તિથિ.	ગર્ભ મુદત.	જન્મ તિથિ.	જન્મ નગર.
૧	ઋષભદેવ	મરૂદેવી	નાભીરાજા	વૃષભ (બળદ)	૧૩	ઉત્તરાષાઢા	ધન	અશાડ વદ ૪	માસ દિ ૯—૪	ચૈત્ર વદ ૮	વનીતા
૨	અજિતનાથ	વીજયા	જીતશત્રુ	ગજ (હાથી)	[illegible]	રોહીણી	વૃષભ	વૈશાખ શુદ ૧૩	૮—૨૫	મહા શુદ ૮	અયોધ્યા
૩	સંભવનાથ	સેનામા	જીતારી	હય (ઘોડો)	[illegible]	મૃગશિર	મિથુન	ફાગણ શુદ ૮	૯—૬	માગશર શુદ ૧૪	સાવથી
૪	અભિનંદન	સિદ્ધારથ	સંવર	કપી (વાંદરો)	[illegible]	પુનર્વસુ	”	વૈશાખ શુદ ૪	૮—૨૮	મહા શુદ ૨	વનીતા
૫	સુમતિનાથ	મંગળા	મેઘરથ	ભારંડ (ક્રૌંચપક્ષી)	[illegible]	મઘા	સિંહ	શ્રાવણ શુદ ૨	૯—૬	વૈશાખ શુદ ૮	કંચનપુર
૬	પદ્મપ્રભુ	સુશીમા	શ્રીધર	લાલકમળ	[illegible]	ચીત્રા	કન્યા	મહા વદ ૬	૯—૬	કાર્તિક વદ ૧૨	કોસંબી
૭	સુપાર્શ્વનાથ	પૃથ્વી	પ્રતિષ્ઠ	સાથિયો	[illegible]	વીશાખા	તુલા	ભાદરવા વદ ૮	૯—૧૯	જેઠ શુદ ૧૨	વણારશી
૮	ચંદ્રપ્રભુ	લક્ષ્મણા	મહાસેન	ચંદ્ર	[illegible]	અનુરાધા	વૃશ્ચિક	ચૈત્ર વદ ૫	૯—૭	પોષ વદ ૧૨	ચંદ્રપુરી
૯	સુવિધિનાથ	રામા	સુગ્રીવ	મગરમચ્છ	[illegible]	મુળ	ધન	ફાગણ વદ ૯	૮—૨૬	માગશર વદ ૫	કાકંદી
૧૦	શીતળનાથ	નંદાદેવી	દઢરથ	શ્રીવચ્છ	[illegible]	પુર્વાષાઢા	”	વૈશાખ વદ ૬	૯—૬	મહા વદ ૧૨	ભદિલપુર
૧૧	શ્રેયાંસનાથ	વિષ્ણુમા	વિષ્ણુ	ખડગી (ગેંડો)	[illegible]	શ્રવણ	મકર	જેઠ વદ ૬	૯—૬	ફાગણ વદ ૧૨	સિંહપુર
૧૨	વાસુપુજ્ય	જયાદેવી	વાસુપુજ્ય	પાડો (મહીષ)	[illegible]	શતતારકા	કુંભ	જેઠ શુદ ૯	૮—૨૦	ફાગણ વદ ૧૪	ચંપાનગરી
૧૩	વિમળનાથ	શ્યામા	કૃતવર્મ	સુવ્વર	[illegible]	ઉત્તરાભાદ્રપદ	મીન	વૈશાખ શુદ ૧૨	૮—૨૧	મહા શુદ ૩	કપીલપુર
૧૪	અનંતનાથ	સુજસા	સિંહસેન	સીંચાણોપક્ષી	[illegible]	રેવતી	”	શ્રાવણ શુદ ૭	૯—૬	વૈશાખ શુદ ૧૩	અયોધ્યા
૧૫	ધર્મનાથ	સુવ્રતા	ભાનૂ	વજ્જર	[illegible]	પુષ્ય	કર્ક	વૈશાખ શુદ ૭	૮—૨૬	મહા શુદ ૩	રત્નપુરી
૧૬	શાંતિનાથ	અચીરા	વિશ્વસેન	મૃગ	૧૨	ભરણી	મેષ	ભાદરવા વદ ૭	૯—૬	જેઠ વદ ૧૩	હસ્તિનાપુર
૧૭	કુંથુનાથ	શ્રીમાતા	સુરરાજ	બકરો	૩	કૃતિકા	વૃષભ	શ્રાવણ વદ ૯	૯—૫	વૈશાખ વદ ૧૪	ગજપુર
૧૮	અરનાથ	દેવીમા	સુદર્શન	નંદાવર્ત	૩	રેવતી	મીન	ફાગણ શુદ ૨	૯—૮	માગશર શુદ ૧૦	નાગપુર
૧૯	મલ્લીનાથ	પ્રભાવતી	કુંભરાજા	કળસ	૩	અશ્વિની	મેષ	ફાગણ શુદ ૪	૯—૭	માગશર શુદ ૧૧	મથુરા
૨૦	મુનીસુવ્રત	પદ્માવતી	સુમિત્ર	કાચબો	૩	શ્રવણ	મકર	શ્રાવણ શુદ ૧૫	૯—૮	જેઠ વદ ૮	રાજગરી
૨૧	નમીનાથ	વિપ્રા	વિજય	નીલું કમળ	૩	અશ્વિની	મેષ	આશ્વિન શુદ ૧૫	૯—૮	શ્રાવણ વદ ૮	મથુરા
૨૨	નેમનાથ	શીવાદેવી	સમુદ્રવિજય	શંખલું	૯	ચીત્રા	કન્યા	કાર્તિક વદ ૧૨	૯—૮	શ્રાવણ શુદ ૫	સોરીપુર
૨૩	પારશ્વનાથ	વામા	વિશ્વસેન	સર્પ	૧૦	વીશાખા	તુલા	ચૈત્ર વદ ૪	૯—૬	પોષ વદ ૧૦	વણારસી
૨૪	મહાવીરસ્વામી	ત્રીસલા	સિદ્ધારથ	સિંહ	૨૭	ઉત્તરાફાલ્ગુન	કન્યા	અષાડ શુદ ૬	૯—૭	ચૈત્ર શુદ ૧૩	કુંડપુર

નંબર.	તિર્થંકરનું નામ.	કાયાનો રંગ.	કાયાની ઊંચાઈ.	સંજમ તિથિ.	સંજમ વન.	સંજમ નગર.	ત્યારે સાધુ થયા તેની સંખ્યા.	પહેલું પારણું ક્યાં કર્યું.	કોને ઘરે કરાવ્યું.	કેવળ તિથિ.	કેવળજ્ઞાન સ્થળ.	યક્ષનું નામ.	યક્ષણીનું નામ.	ત્યારે ભાવિક મોટા રાજાનું નામ.
૧	ઋષભદેવ	કંચન	ધનુષ ૫૦૦	ચૈત્ર વદ ૮	સિદ્ધાર્થ	વનીતા	૪૦૦૦	ગજપુર	શ્રેયાંસ	ફાગણ વદ ૧૧	પુરીમતાલ	ગોમુખ	ચક્રેશ્વરી	ભરત
૨	અજિતનાથ	”	૪૫૦	મહા શુદ ૯	સહસ્રામ્રવન	અયોધ્યા	૧૦૦૦	અયોધ્યા	બ્રહ્મદત્ત	પોષ શુદ ૧૧	અયોધ્યા	મહાયક્ષ	અજીતબલા	સાગર
૩	સંભવનાથ	”	૪૦૦	માગશર શુદ ૧૫	”	સાવથી	૧૦૦૦	સાવથી	સુરેંદ્રદત્ત	કાર્તિક વદ ૫	સાવથી	ત્રીમુખ	દુરીતારી	અજીતસેન
૪	અભિનંદન	”	૩૫૦	મહા શુદ ૧૨	”	વનીતા	૧૦૦૦	અયોધ્યા	ઇંદ્રદત્ત	પોષ શુદ ૧૪	અયોધ્યા	નાયકમુખ	કાળીકા	મિત્રવર્ય
૫	સુમતિનાથ	”	૩૦૦	વૈશાખ શુદ ૯	”	કંચનપુર	૧૦૦૦	વિજયપુર	પદ્મ	ચૈત્ર શુદ ૧૧	”	તુંબર	મહાકાળી	શતવર્ય
૬	પદ્મપ્રભુ	લાલ	૨૫૦	કાર્તિક વદ ૧૩	”	કોસંબી	૧૦૦૦	બ્રહ્મસ્થલ	સોમદેવ	ચૈત્ર શુદ ૧૫	કોસંબી	કુસુમ	શ્યામા	અજીતસેન
૭	સુપાર્શ્વનાથ	કંચન	૨૦૦	જેઠ શુદ ૧૩	”	વણારશી	૧૦૦૦	પાડલીપુર	માહેંદ્ર	ફાગણ વદ ૬	વણારસી	માતંગ	શાંતા	દિનવર્ય
૮	ચંદ્રપ્રભુ	ઉજ્જ્વળ	૧૫૦	પોષ વદ ૧૩	”	ચંદ્રપુરી	૧૦૦૦	પદ્મપુર	સોમદત્ત	ફાગણ વદ ૭	ચંદ્રપુરી	વિજય	ભ્રુકુટિ	મઘવા
૯	સુવિધિનાથ	”	૧૦૦	માગશર વદ ૬	”	કાકંદી	૧૦૦૦	શ્વેતપુર	પુષ્પ	કાર્તિક શુદ ૩	કાંતીપુરી	અજીત	સુતારકા	યુદ્ધવીર્ય
૧૦	શીતળનાથ	કંચન	૯૦	મહા વદ ૧૨	”	ભદ્દિલપુર	૧૦૦૦	રિષ્ટપુર	પુનર્વસુ	પોષ વદ ૧૧	ભદ્દિલપુર	બ્રહ્મા	અશોકા	સીમંધર
૧૧	શ્રેયાંસનાથ	”	૮૦	ફાગણ વદ ૧૩	”	સિંહપુર	૧૦૦૦	સિદ્ધાર્થપુર	નંદ	મહા વદ ૦))	સિંહપુર	ઇશ્વર	માનવી	ત્રીપૃષ્ટ
૧૨	વાસુપુજ્ય	લાલ	૭૦	ફાગણ વદ ૦))	સહસ્રામ્રવન	ચંપાનગરી	૬૦૦	મહાપુર	સુનંદ	મહા શુદ ૨	ચંપાનગરી	કુમાર	ચંડા	દ્વિપૃષ્ટ
૧૩	વિમળનાથ	કંચન	૬૦	મહા શુદ ૪	”	કપીલપુર	૧૦૦૦	ધનકપુર	જય	પોષ શુદ ૬	કપીલપુર	ષણ્મુખ	વિદિતા	સ્વયંભુ
૧૪	અનંતનાથ	”	૫૦	વૈશાખ વદ ૧૪	”	અયોધ્યા	૧૦૦૦	વર્ધમાનપુર	વિજય	વૈશાખ વદ ૧૪	અયોધ્યા	પાતાળ	અંકુશી	પુરૂશોતમ
૧૫	ધર્મનાથ	”	૪૫	મહા શુદ ૧૩	”	રત્નપુરી	૧૦૦૦	સોમનસપુર	ધર્મસિંહ	પોષ શુદ ૧૫	રતનપુર	કિંનર	કંદર્પા	પુરુષસિંહ
૧૬	શાંતિનાથ	”	૪૦	જેઠ વદ ૧૪	સહસાવન	હસ્તિનાપુર	૧૦૦૦	મંદરપુર	સુમિત્ર	પોષ શુદ ૯	ગજપુર	ગરૂડ	નિર્વાણી	કોહલ
૧૭	કુંથુનાથ	”	૩૫	વૈશાખ વદ ૫	”	ગજપુર	૧૦૦૦	ચક્રરાજ	વ્યાઘ્રસિંહ	ચૈત્ર શુદ ૩	”	ગંધર્વ	બલા	કુણેર
૧૮	અરનાથ	”	૩૦	માગશર શુદ ૧૧	”	નાગપુર	૧૦૦૦	રાજપુર	અપરાજિત	કાર્તિક શુદ ૧૨	”	યક્ષેંદ્ર	ધારણી	સુભૂમચક્રી
૧૯	મલ્લીનાથ	લીલો	૨૫	માગશર શુદ ૧૧	”	મથુરા	૩૦૦	મિથીલા	વિશ્વસેન	માગશર શુદ ૧૧	મથીલા	કુબેર	ધરણપ્રિયા	અજીત
૨૦	મુનીસુવ્રત	કૃષ્ણ	૨૦	ફાગણ શુદ ૧૨	અશોકવન	રાજગરી	૧૦૦૦	રાજગરી	બ્રહ્મદત્ત	ફાગણ વદ ૧૨	રાજગરી	વરુણ	નરદત્તા	વિજય
૨૧	નમીનાથ	કંચન	૧૫	અશાડ વદ ૯	ગુણસીલવન	મથુરા	૧૦૦૦	વીરપુર	દિન્નકુમાર	માગશર શુદ ૧૧	મથીલા	ભ્રુકુટિ	ગંધારી	હરિષેણ
૨૨	નેમનાથ	કૃષ્ણ	૧૦	શ્રાવણ શુદ ૬	”	દ્વારકા	૧૦૦૦	દ્વારકા	વરદિન્ન	આશ્વિન વદ ૦))	રૈવતકાચળ	ગોમેધ	અંબીકા	કૃષ્ણ
૨૩	પારશ્વનાથ	લીલો	હાથ ૯	પોષ વદ ૧૧	”	વણારસી	૩૦૦	વણારસી	ધન	ચૈત્ર વદ ૪	વણારસી	પાર્શ્વ	પદ્માવતી	પ્રસેનજીત
૨૪	મહાવીરસ્વામી	કંચન	૭	માગશર વદ ૧૦	”	કુંડપુર	એકાકીપણે	કુંડપુર	બહુલ	વૈશાખ શુદ ૧૦	જંભીકગ્રામ	માતંગ	સિદ્ધાયકા	શ્રેણીક

નંબર.	તિર્થંકરનું નામ.	કેવળીની સંખ્યા.	ત્યારે સાધુની સંખ્યા.	સાધ્વીની સંખ્યા.	શ્રાવકની સંખ્યા.	શ્રાવિકાની સંખ્યા.	ગણધર સંખ્યા.	પ્રથમ ગણધરનું નામ.	નિર્વાણ તિથિ.	ઠેકાણું.	વખત.	કેટલી આવરદા ભોગવી.	ભવિષ્ય તિર્થંકરનું નામ.	કોનો જીવ થશે?	હાલ તે ક્યાં છે?
૧	ઋષભદેવ	૨૦૦૦૦	૮૪૦૦૦	૩૦૦૦૦૦	૩૦૫૦૦૦	૫૫૪૦૦૦	૮૪	પુંડરિક	મહા વદ ૧૩	અષ્ટાપદ	પહેલે પહોરે	લાખપૂર્વ ૮૪	પદ્મનાભ	શ્રેણીક	પહેલી નરકે
૨	અજિતનાથ	૨૨૦૦૦	૧૦૦૦૦૦	૩૩૦૦૦૦	૨૯૮૦૦૦	૫૪૫૦૦૦	૯૫	સિંહસેન	ચૈત્ર શુદ ૫	સમેતશિખર	”	૭૨	સુરદેવ	સુપાર્શ્વ	ભુવનપતિમાં
૩	સંભવનાથ	૧૫૦૦૦	૨૦૦૦૦૦	૩૩૬૦૦૦	૨૯૩૦૦૦	૬૩૬૦૦૦	૧૦૨	ચારૂ	ચૈત્ર શુદ ૫	”	”	૬૦	સુપાર્શ્વ	ઉદાયી	”
૪	અભિનંદન	૧૪૦૦૦	૩૦૦૦૦૦	૬૩૦૦૦૦	૨૮૮૦૦૦	૫૨૭૦૦૦	૧૧૬	વજ્રનાભ	વૈશાખ શુદ ૮	”	”	૫૦	સ્વયંપ્રભ	પોટીલ	ચોથે દેવલોકે
૫	સુમતિનાથ	૧૩૦૦૦	૩૨૦૦૦૦	૫૩૦૦૦૦	૨૮૧૦૦૦	૫૧૬૦૦૦	૧૦૦	ચરમ	ચૈત્ર શુદ ૯	”	પાછલે પહોરે	૪૦	સુરદેવ	દઢકેતુ	બીજે દેવલોકે
૬	પદ્મપ્રભુ	૧૨૦૦૦	૩૩૦૦૦૦	૪૨૦૦૦૦	૨૭૬૦૦૦	૫૦૫૦૦૦	૧૦૭	પ્રદ્યોતન	મહા વદ ૧૧	”	પહેલે પહોરે	૩૦	દેવશ્રુત	કાર્તિકશેઠ	પહેલે દેવલોકે
૭	સુપાર્શ્વનાથ	૧૧૦૦૦	૩૦૦૦૦૦	૪૩૦૦૦૦	૨૫૭૦૦૦	૪૯૩૦૦૦	૯૫	વિદર્ભ	ફાગણ વદ ૭	”	”	૨૦	ઉદયપ્રભ	શંખશ્રાવક	બારમાદેવલોકે
૮	ચંદ્રપ્રભુ	૧૦૦૦૦	૨૫૦૦૦૦	૩૮૦૦૦૦	૨૫૦૦૦૦	૪૯૧૦૦૦	૯૩	દિન	ભાદરવા વદ ૭	”	પાછલે પહોરે	૧૦	પેઢાલ	આનંદશ્રાવક	પહેલે દેવલોકે
૯	સુવિધિનાથ	૭૫૦૦	૨૦૦૦૦૦	૧૨૦૦૦૦	૨૨૯૦૦૦	૪૭૧૦૦૦	૮૮	વરાહક	ભાદરવા શુદ ૯	”	પહેલે પહોરે	૨	પોટીલ	સુનંદા	પાંચમા દેવલોકે
૧૦	શીતળનાથ	૭૦૦૦	૧૦૦૦૦૦	૧૦૦૦૦૬	૨૮૯૦૦૦	૪૫૮૦૦૦	૮૧	નંદ	વૈશાખ વદ ૨	”	”	૧	શતકીર્તિ	સતકશ્રાવક	ત્રીજી નરકે
૧૧	શ્રેયાંસનાથ	૬૫૦૦	હજાર ૮૪	૧૦૩૦૦૦	૨૭૯૦૦૦	૪૪૮૦૦૦	૭૬	કશ્યપ	શ્રાવણ વદ ૩	”	પાછલે પહોરે	લાખવર્ષ ૮૪	મુનીસુવ્રત	દેવકી	આઠમા દેવલોકે
૧૨	વાસુપુજ્ય	૬૦૦૦	૭૨	૧૦૦૦૦૦	૨૧૫૦૦૦	૪૩૬૦૦૦	૬૬	સુભૂમ	અશાડ વદ ૧૪	ચંપાપુરી	[illegible]	૭૨	અમમ	કૃષ્ણ	ત્રીજીનરકે
૧૩	વિમળનાથ	૫૫૦૦	૬૮	૧૦૦૮૦૦	૨૦૮૦૦૦	૪૨૪૦૦૦	૫૭	મંદર	અશાડ વદ ૭	સમેતશિખર	”	૬૦	નિઃકષાય	સત્યકીરૂપ	પાંચમા દેવલોકે
૧૪	અનંતનાથ	૫૦૦૦	૬૬	૬૨૦૦૦	૨૦૬૦૦૦	૪૧૪૦૦૦	૫૦	જસ	પોષ શુદ ૫	”	પાછલી રાત્રે	૩૦	નિઃપુલાક	બળદેવ	છઠ્ઠા દેવલોકે
૧૫	ધર્મનાથ	૪૫૦૦	૬૪	૬૨૪૦૦	૨૦૪૦૦૦	૪૧૩૦૦૦	૪૩	અરિષ્ટ	જેઠ શુદ ૫	”	પહેલી રાત્રે	૧૦	નીમમ	સુલસા	પાંચમા દેવલોકે
૧૬	શાંતિનાથ	૪૩૦૦	૬૨	૬૧૬૦૦	૨૯૦૦૦૦	૩૯૩૦૦૦	૩૬	ચક્રાયુદ્ધ	જેઠ વદ ૧૩	”	પાછલી રાત્રે	૧	ચિત્રગુપ્ત	રોહીણી	બીજા દેવલોકે
૧૭	કુંથુનાથ	૩૨૦૦	૬૦	૬૦૬૦૦	૧૭૯૦૦૦	૩૮૧૦૦૦	૩૫	શાંબ	વૈશાખ વદ ૧	”	પહેલી રાત્રે	હજારવર્ષ ૯૫	સમાધિ	રેવતી	બારમાદેવલોકે
૧૮	અરનાથ	૨૮૦૦	૫૦	૬૦૦૦૦	૧૮૪૦૦૦	૩૭૨૦૦૦	૩૩	કુંભ	માગશર શુદ ૧૦	”	”	૮૪	સંવર	સભાળી	આઠમા દેવલોકે
૧૯	મલ્લીનાથ	૨૨૦૦	૪૦	૫૫૦૦૦	૧૮૩૦૦૦	૩૭૦૦૦૦	૨૮	અભિક્ષક	ફાગણ શુદ ૧૨	”	”	૫૫	યશોધર	દ્વિપાયન	અગ્નિકુમાર ભુવને
૨૦	મુનીસુવ્રત	૧૮૦૦	૩૦	૫૦૦૦૦	૧૭૨૦૦૦	૩૫૦૦૦૦	૧૮	મલ્લી	જેઠ વદ ૯	”	પાછલી રાત્રે	૩૦	વિજય	કોણીક	બારમાદેવલોકે
૨૧	નમીનાથ	૧૬૦૦	૨૦	૪૧૦૦૦	૧૭૦૦૦૦	૩૪૮૦૦૦	૧૭	શુભ	વૈશાખ વદ ૧૦	”	પહેલી રાત્રે	૧૦	મલ્લિનાથ	નારદ	પાંચમા દેવલોકે
૨૨	નેમનાથ	૧૫૦૦	૧૮	૪૦૦૦૦	૧૬૯૦૦૦	૩૩૬૦૦૦	૧૧	વરદત્ત	અશાડ શુદ ૮	રૈવતગિરિ	”	૧	દેવજિન	અંબડશ્રાવક	બારમાદેવલોકે
૨૩	પારશ્વનાથ	૧૦૦૦	૧૬	૩૮૦૦૦	૧૬૪૦૦૦	૩૩૯૦૦૦	૧૦	આર્યદિન	શ્રાવણ શુદ ૮	સમેતશિખર	”	વર્ષ ૧૦૦	અનંતવીર્ય	અમર	નવમાગ્રેવેયકે
૨૪	મહાવીરસ્વામી	૭૦૦	૧૪	૩૬૦૦૦	૧૫૯૦૦૦	૩૧૮૦૦૦	૧૧	ઇંદ્રભૂતી	કાર્તિક વદ ૦))	પાવાપુરી	પાછલી રાત્રે	૭૨	ભદ્રજિન	સ્વયંબુદ્ધ	સર્વાર્થસિદ્ધે

ટીકા:—મહાવીરસ્વામી રીખભદત્ત બ્રાહ્મણની કુખે ચવ્યા હતા, ત્યાંથી બ્યાશી દિવસે ઇંદ્રના કહેવાથી, હરણગમેશીએ ગર્ભ ત્રીસલા માતાની કુખે મેલ્યો હતો.

☞ સર્વે વિદ્વાનોને વિનંતિ કે-આ એકત્ર કરેલ કોઠામાં, વિશેષ સમજનો સંદેહ હોવાથી, જે જે વિસ્મરણ ખોડ અગર હસ્તદોષ જણાય તે લખવા કૃપા કરવી, કે પ્રસંગે સુધારવા બને.

સૂચના.

પુસ્તક ઉઘાડું મુકી આશાતના ન કરવી ન
થુ કરવું!

જાહેર ખબર.

આ પુસ્તક નિચે દર્શાવેલ ઠેકાણેથી મળશે.

ભાવનગર.

જૈન ધર્મપ્રસારક સભા.

અમદાવાદ.

શા. નગીનદાસ ધરમચંદ ઠે. જુના મહાજનવાડામાં.

કુંડલા. (તાબે ભાવનગર.)

શેઠ. મુળજી લવજી.

(મુખ્ય ઠેકાણું) ગઢડા. (તાબે ભાવનગર.)

શેઠ. કામજી લવજી. તાલુકા સ્કુલ માસ્તર.